# સપનાં ઉકેલનાર યોસેફ

લેખક : મેક્સ બોલિઝર
અનુવાદક : માઈકલ એસ. ક્રિશ્ચયન



GBGS2 (86)

# સપનાં ઉકેલનાર
# યોસેફ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE
CHELTENHAM, PA 1901 2103

અનુવાદક

માઈકલ એસ. ક્રિશ્ચિયન

-: પ્રકાશક :-

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ

અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : ૪૪૫૨૮૧

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | : | ૧૯૯૭ |
| નકલ | : | ૧૦૦૦ |
| કિંમત | : | રૂ. ૧૫ |



GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE
CHELTENHAM, PA 190?? 2103



-: મુદ્રક :-

ફોટ્રોનિક્સ

ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે,

નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ફોન : ૪૬૫૧૨૭

# પ્રસ્તાવના

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી દ્વારા પ્રકાશિત થતા બાલસાહિત્યના આ પુસ્તકને આવકારતાં આનંદ થાય છે. કારણ કે તેથી, ગુજરાતના અલ્પધન ખ્રિસ્તી બાળ સાહિત્યમાં એક ગણનાપાત્ર ઉમેરો થાય છે.

સમગ્ર બાઇબલમાં સ્વપ્નશિલ્પી યોસેફનું જીવન-ચરિત્ર અનેક રીતે નોંધપાત્ર છે. એનું નિર્દોષ શૈશવ, બાળપણમાં એને આવેલ સ્વપ્નો, એ સપનાંથી ચિઢાતા ભાઈબહેનો, ઈર્ષ્યાનું કારણ બનેલો યોસેફનો રંગીન ઝભ્ભો, મિસરમાં કેદી તરીકે વેચાવું, મિસરમાં જેલમાં જુદાં જુદાં સપનાં ઉકેલવાં, એમાંથી રાજા ફારૂનને પ્રીતિપાત્ર બનવું, ભાઈઓને માફી અને પિતા યાકોબ સાથે મિલન – આ બધા પ્રસંગો બાળકોને ગમી જાય તેવા કુતૂહલપ્રેરક અને સંઘર્ષપૂર્ણ છે.

યોસેફના સમગ્ર જીવનમાંથી પ્રેમ અને માફીની સરવાણીઓ ફૂટે છે અને યોસેફના જીવનને મહેકાવે છે.

પુસ્તકનો સીધી અને સરળ ભાષામાં શ્રી માઇકલ એસ. ક્રિશ્ચિયને અનુવાદ કર્યો છે. અનુવાદને વધુ બાળભોગ્ય બનાવવામાં શ્રી ભગવતપ્રસાદ ચૌહાણનો ફાળો છે.

પુસ્તકના કોપીરાઈટ માટે જર્મનીના શ્રી રેવન્ઝબર્ગર કંપનીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. બાળકોને આ સચિત્ર પુસ્તક ગમશે તેવી આશા છે.

ઈમાનુએલ સી. ક્રિસ્ટી
સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ-૬

તા. ૧૫-૩-૧૯૯૭



મરહૂમ શ્રી અને શ્રીમતી રત્નાભાઈ હીરાભાઈ મહીડા

જુવાનીમાં વડોદરા ટ્રેઈનિંગમાં સુર્વાતાના કાર્ય માટે ટ્રેઈનિંગ લઈ વડોદરા પાસે આવેલ પાદરા ગામે રેવ. હરજીવન સાથે કાર્યમાં જોડાયા. થોડો સમય કાર્ય કર્યા પછી પોતાનાં વતન ભાનેર પાછા આવ્યા ને લગ્ન કરી મેથોડીસ્ટ મંડળી સ્થાપવામાં

લોકોને જ્ઞાતથી દૂર થઈને મંડળીની સ્થાપના કરી. જરૂર મુશ્કેલીઓ પડી હતી. સંજોગોવસાત નડિયાદ રહેવા આવ્યા, પણ ભાનેર તે તેમનું સેવાકેન્દ્ર બનાવ્યું. અવારનવાર મુલાકાતે જઈ પ્રભુમાં લોકોને સ્થિર કર્યાં. પ્રભુની કૃપાએ ભાનેર ગામની ભાગોળે જ પ્રભુમંદિર બંધાવી તે મંડળીની એક જરૂરિયાત પૂરી પાડી.

ડૉ. જેકબ મહીડા તથા તેમનાં કુટુંબ તરફથી આ પુસ્તકની છપામણી ખર્ચ માટે રૂા. ૫૦૦૦/- નું ઉમદા દાન મળ્યું છે. માટે તેઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ડૉ. મહીડા આટલી ઉંમરે પણ નૈતીક હિંમત રાખીને હજુ પણ સુવાર્તાના કાર્યમાં પોતાનો સમય આપે છે અને પ્રભુનું નામ મોટું મનાવે છે. તેઓના જીવનથી હજુ પણ સુવાર્તા પ્રચારની મહાન સેવાઓ થાય તે માટે પ્રભુ તેમને તંદુરસ્તી તથા દીર્ઘાયુષ્ય બક્ષે એવી પ્રાર્થના તથા આશા સાથે.

ઈમાનુએલ સી. ક્રિસ્ટી

તા. ૩૧ - ૩ - ૧૯૯૭ સેક્રેટરી

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

# ૧

"પેલા યોસેફને તો જુઓ! ધોળે દિવસે સપનાં જુએ છે !" તેના ભાઈઓએ કહ્યું.

દરરોજ સાંજે કામ પત્યા પછી બીજાં બાળકો તો ખેતરમાં રમે ત્યાં પણ યોસેફ તો એકબાજુ બેસીને તેમની રમત જોયા કરે.

"એ... યોસેફ, ચાલ, રમવા ચાલ!" મોટાભાઈ રૂબેને બૂમ પાડી. પણ યોસેફે તો દૂર બેઠા બેઠા જ હસીને ડોકું ધુણાવ્યું.

"જવા દેને ભાઈ, એના હાથ તો જો, સાવ છોકરી જેવા છે !" શિમયોને મશ્કરી કરતાં કહ્યું. તેની વાત સાંભળીને બધા ભાઈઓ હસી પડ્યા. શિમયોન ઊંચો અને તગડો હતો. બીજાને તેની બીક લાગતી. તે વૃક્ષોને પાડી નાંખતો. મોટા મોટા પથ્થર ઉઠાવી દોડતો. તે જંગલી પ્રાણીઓ સામે લડતો.

તેની વાત સાચી હતી. યોસેફના હાથ ઘણા નાજુક હતા. તેને ખેતરનું કામ ગમતું નહિ. ઘરના શાંત ખૂણે બેસીને પિતાના જૂનાં ઓળિયાં તેને વાંચવા ગમતાં.

વૃક્ષો નીચે બેસવા માટે ગોઠવેલા પથ્થરોની એક બેન્ચ હતી. તે યોસેફનું પ્રિય સ્થાન. અહીંથી તેને ખેતરોમાં આવેલાં સપાટ અગાશીવાળાં મકાનો, મજૂરોનાં ઝૂંપડાં, તબેલા, કોઠારો અને તેનું પોતાનું સુંદર ઘર પણ દેખાતાં. દૂર દૂર નગરની દીવાલો તથા તેના મિનારા પણ દેખાતા.

ખીણોમાં પડછાયાની લંબાઈ વધતી જતી. રાત પડવાની તૈયારી હતી, પણ યોસેફ તો સમયનું ભાન ભૂલી ગયો હતો. તે

તો દીવાસ્વપ્નમાં ડૂબી ગયો હતો. સ્વપ્નમાં તે પોતાને રણમાં પવનવેગે દોડતી સાંઢણી પર બેઠેલો જોતો હતો. મિસરની રાજકુમારીને ભયંકર રાક્ષસના હાથમાંથી તે બચાવવા જઈ રહ્યો હતો. તે તેને તલવાર તથા સોનાનો મુગટ આપવાની હતી.

યોસેફ ધ્રૂજી ઊઠ્યો. પવન ઠંડો હતો. શીત પવનની લહેરખીઓ તેના શરીરને સ્પર્શી રહી હતી. ખર... ખર... ખરતાં પાંદડાંનો અવાજ હવામાં ફેલાતો હતો. આકાશમાં શરૂઆતના તારા દેખાવા લાગ્યા. યોસેફને તે તારા ગણવાનું મન થયું. મેદાનમાંથી આવતા હસવાના તથા બૂમોના અવાજો થંભી ગયા હતા. દૂરથી દેખાતા કેટલાંક મકાનોની બારીઓમાંથી દીવાનો પ્રકાશ ટમટમવા લાગ્યો. યોસેફ ઊભો થયો. મેદાનમાંથી ચાલ્યો.

ઘરના આગળના દરવાજા પાસે જઈ તેણે પગમાંથી સેન્ડલ કાઢ્યાં. અવાજ કર્યા વગર તે તેના નાના ભાઈ બેન્જામીન પાસે અંધારા ઓરડામાં સરકી ગયો. માત્ર તેના પિતાએ જ તેના આવવાનો અવાજ સાંભળ્યો.

બેન્જામીન ઊંઘતો હતો. હાથે વણેલા ધાબળાને ઓઢીને તે ટૂંટિયું વાળીને ઊંઘી રહ્યો હતો. યોસેફ થોડીવાર બેન્જામીનના ચહેરાને તાકી રહ્યો. તેને પોતાની માતા રાહેલ યાદ આવી. બેન્જામીને તો તેને જોઈ જ ન હતી. આઠ વર્ષ પહેલાં તેનો જન્મ થયો ત્યારે જ રાહેલ મરણ પામી હતી. યોસેફ પોતાના નાના ભાઈ પર ઘણો જ પ્રેમ રાખતો હતો.

યોસેફના પિતાનું નામ યાકોબ. તેના પરિવારમાં બાર દીકરા અને એક દીના નામની દીકરી. યોસેફ અને બેન્જામીન સૌથી નાના. તેમની માતાનું નામ રાહેલ. રૂબેન, શિમયોન,



લેવી, યહૂદા, યિસ્સાખાર, ઝબૂલુન, દાન, નાફતાલી, ગાદ અને આશેર તેના ભાઈઓ હતા. એક વિશાળ વાડીમાંના ઘરમાં તેઓ સાથે રહેતા હતા.

કનાન દેશમાં યાકોબ ધનવાન અને આદરપાત્ર માણસ હતો. તેના ખેતરથી માંડીને ક્ષિતિજ સુધી દેખાતી જમીનનો તે માલિક હતો. તેની માલિકીની જમીન ફરતે ચક્કર લગાવવું હોય તો સાત દિવસ લાગે! યાકોબ પાસે એટલા બધાં ઘેટાં, બકરાં અને ઊંટો હતાં કે ગણવા બેસીએ તો ગણાય નહિં.

યાકોબ હવે ઘરડો થયો હતો. વીતેલાં વર્ષોનો તેણે વિશાળ અનુભવ હતો. ઘણીવાર યાકોબ પોતાના સંતાનોને તેની પાછલી જિંદગી વિષે વાતો કરતોઃ કેવી મુશ્કેલીઓ વેઠીને તે પરદેશી ભૂમિ પર આવ્યો હતો. ત્યાંના લોકો કેવા હતા. તે પોતાના પિતા ઇસહાક વિષે કહેતો અને ભાઈ એસાવ વિષે પણ વાત કરતો. પોતાની યુવાનીમાં મામા લાબાનને ત્યાં કેવી રીતે પરદેશમાં ગયો, ત્યાં કેવી મજૂરી કરી તે પણ કહેતો. તેણે લેઆહ તથા રાહેલ બંને માટે કેવી રીતે સાત-સાત વર્ષ નોકરી કરી અને લગ્ન કર્યાં, તેનું રસ પડે તેવું વર્ણન કરતો. લાબાન મામાને ત્યાંથી પાછા ફરતાં તેને મહેનતાણારૂપે ઘેટાં, બકરાં પ્રાપ્ત થયાં, તેની વાત કરતો. હમણાં તો તે સંખ્યા હજારોની થઈ ગઈ હતી.

એકવાર પ્રભુએ યાકોબને સ્વપ્નમાં દર્શન દીધું. તેણે એક સીડી જોઈ, સીડીની ટોચ જમીનથી આકાશ સુધી પહોંચતી હતી. ઈશ્વરના દૂતો તેની ઉપર ચઢતા-ઊતરતા. સ્વર્ગના દરવાજા આગળ પ્રભુ પોતે ઊભા હતા. તેમણે કહ્યું, "જો, હું પ્રભુ છું. તું અને તારા પરિવાર જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં હું તમારી સાથે રહીશ. હવેથી તું યાકોબ નહિ પણ ઇઝરાયલ કહેવાશે."

યોસેફને આ વાત વારંવાર સાંભળવી ગમતી. તે પોતાના પિતાને પૂછતો, "ઈશ્વર કેવા દેખાય છે?" ત્યારે તેના પિતા તેને માથા પર હાથ મૂકીને કહેતા, "દીકરા, ધીરજ રાખ. એક દિવસ ઈશ્વર તને પણ દર્શન આપશે. પ્રભુ કોઈ પ્રદેશનો દેવ નથી કે તે ઝાડ જેવા નથી. ઈશ્વર તો શક્તિ છે."

થોડા સમય પછી યોસેફ સત્તર વર્ષનો થયો. હવે તો સપનાં જોવાનું છોડીને તેને પુખ્ત બનવાનું હતું. તેની માસી લેઆહ તેના વિષે ચિંતા કરતી.

તે કહેતી, "આ છોકરો આવો જુદો કેમ છે? કોણ જાણે ક્યારે તે તેના ભાઈઓની જેમ ઘેટાં ચરાવતા શીખશે?"

લેઆહની વાત સાંભળીને યોસેફના પિતા તેને કહેતા, "તારે ધીરજ રાખવી જોઈએ."

યોસેફને પોતાના ભાઈઓ જેવી વાતોમાં કશો જ રસ ન હતો. તેના ઘરમાં તે એકલો જ લખી-વાંચી શકતો. તે હોંશિયાર અને ભણવામાં ચબરાક હતો. બાળક તરીકે પણ તેને એકલાને જ રમવું ગમતું હતું. લાકડીનો ટુકડો, ફૂલ કે પથ્થરમાં પણ તેને રસ પડતો. તેના હાથમાં તે શોભી ઊઠતાં હતાં. તેને અન્યાય ગમતો નહિ અને કોઈ માણસ કે પશુને દુઃખમાં જોઈને તે રડી પડતો.

લેઆહે યોસેફને સમજાવવાનો પ્રયત્ન કર્યો. તેની બહેનનો આ મોટો દીકરો જરા વિવેકી હતો. તેથી જ તેના પિતા તેના પર વધુ વહાલ કરતા હશે ?

એક દિવસ યાકોબે યોસેફને બોલાવ્યો. તેણે કહ્યું, "જો હું તારા માટે શું લાવ્યો છું?" પછી તેણે યોસેફ સમક્ષ એક રંગીન ઝભ્ભો બતાવ્યો.



યોસેફ તો નવા ઝભ્ભાને જોઈ જ રહ્યો. આવો સુંદર ઝભ્ભો મારા માટે છે? તેની તરફ જોઈને તેના પિતા તો મલકાવા લાગ્યા. “મારા સ્વપ્નપતિને આ ઝભ્ભો શોભશે નેં? તને ઝભ્ભો કેવો લાગ્યો?” યાકોબે પૂછ્યું. યોસેફ તો રાજીનો રેડ થઈ ગયો.

આશ્ચચકિત થઈ ગયેલો યોસેફ રંગીન ઝભ્ભા પર હાથ ફેરવવા લાગ્યો. તેણે તો ઝભ્ભો હાથમાં લઈને ગાલ ઉપર પણ ઘસી લીધો. તેનો સુંવાળો સ્પર્શ યોસેફને ગમ્યો. યોસેફને એટલો બધો આનંદ થયો હતો કે તેને પિતાનો આભાર માનવાનું પણ યાદ ન રહ્યું. તેને થયું મારા ભાઈઓ આ જોશે તો તેમને કેવું લાગશે? તેણે તો ઝટપટ ઝભ્ભો પહેરી લીધો. યોસેફ નજીકના તળાવે દોડ્યો. પોતાનો ઝભ્ભો કેવો લાગે છે તેનું પ્રતિબિંબ તેને જોવું હતું. શાંત પાણી પાસે જઈ તે વાંકો વળ્યો અને બંને હાથ લાંબા કરીને ઊભો રહ્યો. તેના હોઠ પર સ્મિત લહેરાઈ રહ્યું.

અચાનક તેના માથા ઉપર થઈને એક પથ્થર છબાક કરતો પાણીમાં પડ્યો. યોસેફ ચમક્યો. તેણે જોયું તો હાલી રહેલા પાણીમાં તેનું પ્રતિબિંબ વિખેરાઈ ગયું હતું.

તેની પાછળ મજાકભર્યું હસવાનો કોઈનો અવાજ સંભળાયો. તે તરત જ પાછળ ફર્યો. ઘોડાર પાછળ લપાઈ જતો તેનો ભાઈ ગાદ તેની નજરે પડ્યો. યોસેફ ઢીલો થઈને પોતાના ઘેર પાછો આવ્યો. શું બન્યું તે વિશે પિતાને વાત કરી.

એજ સમયે તેના ભાઈઓ કોઠારની પાછળ એકઠા થયા. તેઓ ગુસ્સે થયેલા દેખાતા હતા. શિમયોને ગુસ્સામાં મૂઠીઓ વાળી હતી. યોસેફને ચમકાવી દેવામાં સફળ થયેલો ગાદ હજી પણ મલકાતો હતો.



“મારું નિશાન જોયું ને? યોસેફડો તો ચમકી ગયો, નહિ?”

“મને તો જઈને તેને એક ઠોકી દેવાનું મન થાય છે !”

“બેટમજી, અત્યારે તો પિતા પાસે જઈને આપણી વિરુદ્ધ ફરિયાદ કરતા હશે .”

“મને તેના તરફ નફરત છે.”

“પિતા તો આપણી વાત સાંભળશે જ નહિ. એ તો યોસેફ કહે તે જ સાંભળે છે.”

તેઓ વારાફરતી બોલે જ જતા હતા. તેઓમાંથી એકેય જણના મોઢે યોસેફને માટે સારી વાત નીકળતી ન હતી. યોસેફ તેમને કેવી મજાની વાર્તાઓ કહેતો. તેમને રમતમાં વાગતું ત્યારે તે ઘા સાફ કરી આપતો. તેમના પગમાંથી ઘણીવાર કાંટા કાઢી આપ્યા એ બધી વાતો તેમને યાદ આવતી ન હતી. તેમના મનમાં તો યોસેફને નુકસાન કરવાની વાત જ રમી રહી હતી.

થોડા સમયમાં યોસેફને તેમની નફરત સમજાવા માંડી. તે જ્યારે આમતેમ ફરતો ત્યારે તેઓ તેને લાલચોળ આંખે તાકી રહેતા. ભાઈઓ વાતો કરતા હોય અને યોસેફ આવે કે તરત જ તેમની વાતો બંધ થઈ જતી. તેમની આવી ચૂપકીદી હવે તેમની વચ્ચે મોટી ખાઈ સમાન બની ગઈ હતી. આ ખાઈ કેવી રીતે પાર કરવી તે યોસેફને સમજાતું ન હતું.

તે ગભરાતો હતો. શું કરવું તે તેને સમજાતું નહોતું. યોસેફ મૂંઝાતો હતો. જો કે બેન્જામીન તેની પાસે હતો. તેના પ્રેમ વિશે યોસેફને ખાતરી હતી.

એક રાત્રે યોસેફ જાગી ગયો. પોતે જોયેલા એક સ્પષ્ટ સ્વપ્નથી ઘણો મૂંઝાઈ ગયો. બાજુમાં જ સૂતેલા નાના ભાઈ બેન્જામીનના શ્વાસોચ્છ્વાસનો અવાજ તેને સંભળાતો. પરોઢનો સમય હતો. દૂર દૂર લાલી પથરાતી હતી. સવારે શરૂ થતા પંખીઓના અને અચકાતા અચકાતા પ્રાણીઓના અવાજો પણ સંભળાવા લાગ્યા. યોસેફે આંખો ઢાળી દીધી. પણ સ્વપ્ન તો પાછું ચાલુ થઈ ગયું.

યોસેફે જોયું તો તે ખેતરમાં હતો. તે તેના ભાઈઓ સાથે પૂળા બાંધતો હતો. અચાનક જાણે પૂળાઓમાં જીવ આવ્યો. તેનો પૂળો તો બધાની વચ્ચે ટટ્ટાર ઊભો રહ્યો. તેના ભાઈઓના પૂળાઓએ તેની આગળ નમન કર્યું.

પેલા સ્વપ્નની પાછળ જ બીજું સ્વપ્ન આવ્યું. સૂરજ, ચાંદો અને અગિયાર તારા યોસેફની આગળ આવીને તેને પગે પડ્યા.

યોસેફ લાંબા સમય સુધી સ્વપ્ન વિશે વિચારતો રહ્યો. સૂરજ અને ચંદ્ર તો માતા-પિતા દર્શાવતા હતા. અગિયાર પૂળા તથા તારા તો તેના ભાઈઓ હોવા જોઈએ. સ્વપ્નમાં પોતે જાણે એ બધાનો માલિક હતો.

પોતાના ભાઈઓને તેણે આ સ્વપ્ન વિશે કહેશે ત્યારે તેઓ શું કહેશે? અચાનક તેના મનમાંથી તેમનો ડર ચાલી ગયો. છેવટે, એ લોકો તેનું શું નુકસાન કરવાના છે ?

તેના ભાઈઓ સપનાં સાંભળીને નારાજ થયા.

"શું અમે બધા તને નમન કરીશું?"

"રાજા યોસેફ, ઘણું જીવો!"

"તમે રાજગાદી પર ક્યારે બેસવાના છો એ તો કહો!"

"માલિક કેવી રીતે થવાય એ હવે અમારે તને શીખવવું જ પડશે !"

તેમની બૂમોમાં ક્રોધ છલકાતો થતો હતો. રૂબેને ગુસ્સે થયેલા ભાઈઓને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો. તેણે પોતાના ગુસ્સા પર કાબૂ મેળવ્યો અને શાંતિથી વિચાર કર્યો.

"યોસેફ સામે બૂમાબૂમ કરશો નહિ. યોસેફની મગરૂરીની વાત મારે પિતાજીને કરવી પડશે. તે જ તેને શિક્ષા કરશે."

પોતાના મોટા દીકરાની વાત સાંભળીને યાકોબ પણ વિચારમાં પડી ગયો.

રૂબેન કહેતો હતો, "પિતાજી, શું અમે તમારાં ઘેટાં ચરાવતાં નથી ? શું અમે કદી કામચોરી કરી છે ? અમે તો તમને ખેતીકામમાં મદદ પણ કરીએ છીએ. તો પછી યોસેફ જ તમને વધારે વહાલો કેમ છે? તેના રંગીન ઝભ્ભા જેવો ઝભ્ભો તમે કદી અમારે માટે બનાવડાવ્યો છે ? તેથી અમને તેની અદેખાઈ આવે તેમાં કશી નવાઈ ખરી ?"

યાકોબ ચૂપ હતો. આ મોટા દીકરાના મોઢા પર એક થપ્પડ મારવાનું તેને મન થઈ આવ્યું. દીકરો પિતાની સાથે આવી રીતે વાત કરી શકે? પોતાના ગુસ્સા પર લગામ લગાવવા તેણે મૂઠી ભીંસી. તો પણ રૂબેને જ્યારે યોસેફનાં સપનાં વિષે વાત કરી ત્યારે તેને લાગ્યું કે એ તો આખા પરિવારને નીચા દેખાડવાની વાત છે.

તેણે યોસેફને બૂમ પાડી કહ્યું, "મારી પાસે આવ !"

યોસેફને જોઈને ગુસ્સાથી યાકોબ કહેવા લાગ્યો, "તું પોતાને શું સમજી બેઠો છે ? અમારે બધાને શા માટે તને સલામ ભરવાની ?"





યોસેફની આંખોમાં આંસુ આવી ગયાં. "મેં મારા ભાઈઓનું શું બગાડ્યું છે?"

પણ યોસેફના શબ્દોથી યાકોબને સંતોષ થયો નહિ. યોસેફને એક અઠવાડિયા સુધી ખેતરમાં હલકામાં હલકું કામ કરવાની શિક્ષા થઈ.

યાકોબે ફરી સપનાંની એ વાતનો કદી ઉલ્લેખ કર્યો નહિ. પરંતુ તે સપનાં તેના મગજમાં જાણે કે કોતરાઈ ગયાં હતાં. તે તેમને કદી ભૂલી શક્યો નહિ.

વર્ષાઋતુ પૂરી થઈ. યાકોબે તેના દીકરાઓને ઘેટાંબકરાં લઈને શાલેમમાં જવાની આજ્ઞા કરી. ત્યાં લીલું અને તાજું ઘાસ હતું. ત્યાં ભરવાડોને રહેવા માટે તથા રાતે જંગલી જાનવરો અને તોફાનોથી બચવા માટે પથ્થરનાં ઝૂંપડાં પણ હતાં.

બેન્જામીન તથા યોસેફ ઘરે જ રહ્યા. ઘરમાં શાંતિ છવાયેલી હતી. વાડા ખાલી હતા. મજૂરો ખેતરમાં કામ કરવા જતા રહ્યા. જમીન પર ઊનના ઢગલા પડ્યા હતા અને સ્ત્રીઓ તે ઊન કાંતતી, પછી વણતી. કાંતણકામ કરતી વખતે તેઓ એકબીજીને વાર્તાઓ કહેતી અને ગીતો ગાતી.

યોસેફ તથા બેન્જામીન પણ ખુશ હતા. નાની અને સરળ બાબતો પણ તેમને આનંદ આપતી. ઘરમાં પથરાયેલી શાંતિ, ખાલી કોઠારો, સૂરજના પ્રકાશમાં નૃત્ય કરતી ધૂળની રજકણો, બતકોના માળા, તળાવમાં તરતી માછલીઓ અને કૂદકા મારતા દેડકા જોવાની તેમને મઝા પડતી.

તેઓ પાંદડાંઓની પિપૂડીઓ બનાવીને વગાડતા અને સળીઓનાં તીરો બનાવતા. આજુબાજુ કોઈ જોનારું ન હોય ત્યારે કૂવામાં પથ્થર નાંખીને પાણીના અવાજ સાંભળવાની



મજા લૂંટતા. ઝાડની ડાળીઓ ગોઠવીને પોતાને માટે ઘર બનાવતા. બેન્જામીનને મોટા પથરા પર લીટા કરવાની મઝા આવતી. બંને જણા જીવનનો ભરપૂર આનંદ માણી રહ્યા હતા.

થોડા સમય પછી યાકોબને પોતાના દીકરાઓ તથા ઘેટાં-બકરાંનાં ટોળાં યાદ આવ્યાં. તેમણે યોસેફને બોલાવીને કહ્યું, ‘‘યોસેફ, તારે શખેમ જવાનું છે. ત્યાં તારા ભાઈઓ તથા આપણાં ઘેટાંબકરાંની શી ખબર છે તે જાણી લાવ.’’

યોસેફ તૈયાર થઈ ગયો. વહેલી સવારે હજી આકાશમાં તારાઓ વિદાય થયા ન હતા ત્યાં તો તે નીકળી ગયો. ઘરમાં કશી હલચલ ન હતી. બેન્જામીન તો હજી ઊંઘતો જ હતો. યોસેફ તેને જગાડવા ચાહતો ન હતો.

લેઆહ માસીએ તેને ભાથું બાંધી આપ્યું. તેના ભાઈઓ માટે પણ જુદી જુદી વાનગીઓ બાંધી આપી.

યાકોબ થોડે સુધી યોસેફ સાથે ગયો. તેણે યોસેફના ખભા પર હાથ મૂક્યા અને કહ્યું, ‘‘તું તો મારા કરતાંય ઊંચો થઈ ગયો છે ને?’’

યોસેફે કહ્યું, ‘‘પિતાજી, હું હવે કાંઈ નાનો કીકલો નથી.’’

યાકોબે તેને પ્રેમથી ચૂમી લીધો અને વિદાય આપી.

‘‘જા બેટા, જાળવીને જજે. રસ્તામાં જંગલી પ્રાણીઓ અને અજાણ્યાઓથી ચેતતો રહેજે. પ્રભુ તારી સાથે હો.’’ યાકોબે યોસેફના ખભા પરથી હાથ ઉઠાવી લીધો ને તે તેને તાકી રહ્યો. તે વિચારતો હતો કે હજી યોસેફની આંખોમાં તો સપનાં જ રમે છે.

એટલામાં તેણે યોસેફનો અવાજ સાંભળ્યો, ‘‘પિતાજી, મારી ચિંતા કરશો નહિ. જાણે ગયો જ નથી એમ જ હું પાછો

આવીશ." યોસેફ ઝડપથી ડગલાં ભરવા લાગ્યાં. તેણે પિતાએ આપેલો રંગીન ઝભ્ભો જ પહેર્યો હતો. તેના ચામડાના પહોળા પટ્ટામાં એક ચપ્પુ ભરાવેલું હતું. તેના હાથમાં કડીઆળી ડાંગ હતી. તેના ખભે ભાથું ભરાવેલું હતું.

યોસેફ દેખાતો બંધ થયો ત્યાં સુધી યાકોબ તેને જોતો રહ્યો. રસ્તા પરના પથ્થર પર તે બેઠો હતો. તેને વિચાર આવ્યો કે યોસેફને તેના ભાઈઓ પાસે એકલો મોકલ્યો તે શું બરાબર કર્યું? તેઓ તેના પર ક્રોધથી બળતા હતા. કદાચ તેઓ તેને હેરાન પણ કરે.

અચાનક જ યાકોબના મગજમાં ઝબકારો થયો. તે યોસેફને પાછો બોલાવવા ઊભો થયો પણ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હતું. ચિંતાભર્યા ચહેરે યાકોબ પાછો ઘર તરફ વળ્યો.

તેના ભાઈઓ તો શખેમમાંથી દોથાન જતા રહ્યા હતા. યોસેફે ઘણું ચાલીને પોતાના ભાઈઓને શોધી કાઢ્યા. તેઓએ તેને દૂરથી આવતો જોઈ લીધો.

સૌથી પહેલા યોસેફ ઉપર ગાદની નજર પડી. તેણે પોતાની આંખો ચોળતાં કહ્યું, "અરે! પેલો યોસેફ તો નથી ને?" બધા તે તરફ જોવા લાગ્યા. યોસેફે દૂરથી ભાઈઓને પોતાની દિશામાં જોતા જોઈને આનંદથી પોતાના હાથમાં રહેલી લાકડી હલાવી. તેની મુસાફરી સફળ થયાનો આનંદ તેના ચહેરા પર ચમકતો હતો.

"બેટમજી, નવો રંગીન કોટ પહેરીને આવ્યો છે ને! તેના મનમાં એમ હશે કે આપણે તેને જોઈ પગે પડીને સલામ કરીશું." શિમયોને કરડાકીથી કહ્યું. બધા ભાઈઓનાં હ્રદયો ઈર્ષ્યાના અગ્નિથી બળવા લાગ્યાં.

"હવે આપણે તેને તેનાં સપનાંની કિંમત સમજાવીશું. છેવટે યોસેફ સાથે હિસાબ પતાવવાનો સમય આવી ગયો."

"તેને મારી જ નાખો !"

"કોણ બોલ્યું ?"

"બરાબર છે મારી જ નાખો."

આ સાંભળીને પવન થંભી ગયો હોત અને સૂરજ કાળોમેંશ થઈ ગયો હોત તો કેવું સારું થાત !

"તેનું ગળુ દબાવી મારી નાખો. પછી ખાડામાં ફેંકી દઈશું. કોણ જાણવાનું છે ? કોને ખબર પડવાની છે ? પિતાને તો કહી દઈશું કે કોઈ જંગલી જાનવર તેને ઉઠાવી ગયું હશે."

"ના," એક અવાજ આવ્યો, "આપણાથી એવું કદાપિ ન થાય. ભાઈનું લોહી વહેવડાવવાથી તો અપશુકન થાય. તેની મગરૂરીના અપરાધને માટે ખાડામાં નાંખી દો, પણ તેની સામે આંગળી પણ ઉઠાવશો નહિ."

આ અવાજ તો રૂબેનનો હતો. તેના મનમાં હતું કે, 'બીજાઓ જતા રહેશે ત્યારે હું યોસેફને ખાડામાંથી કાઢીને તેને બચાવી લઈશ અને, સહીસલામત પિતાજીના હાથમાં સોંપી દઈશ.'

આ બધી વાતોથી અજાણ યોસેફ તો ભાઈઓની પાસે દોડી આવ્યો. તેઓના ઝઘડાની વાત તો તેને યાદ પણ ન હતી. તેણે કહ્યું, "તમારા માટે હું ઘેરથી સમાચાર લઈને આવ્યો છું. તમે બધાં મઝામાં છોને ?"

કોઈએ તેને જવાબ આપ્યો નહિ. પણ ચૂપચાપ તેઓ તેની તરફ ધસી આવ્યા. તે જોઈને યોસેફ ઢીલો પડી ગયો. તે એક ડગલું પાછો હઠી ગયો તેના હાથમાં જાણે કે ખાલી ચઢી



ગઈ અને બીકમાં તે પોતાના ભાઈઓને તાકી રહ્યો. તેને નાસી જવું હતું પણ હવે તો તે પૂરેપૂરો ઘેરાઈ ગયો હતો.

“શું કરો છો? મેં તમારું શું બગાડ્યું છે?” એવા પ્રશ્ન તેને પૂછવા હતા પણ મોં ખૂલે તો ને? ડરને કારણે તેની જીભ તાળવે ચોંટી ગઈ હતી.

તેના એક ભાઈએ તેને પાછળથી ધક્કો માર્યો અને તેને જમીન પર પાડી દીધો. બીજાઓએ તેની ખેંચાખેંચ કરીને તેનો ઝભ્ભો ફાડી નાંખ્યો. અદેખાઈને કારણે તેમણે તેને ગાંડાની જેમ લાતો તથા મુક્કાઓ વડે ઝૂડી કાઢ્યો. પછી તેના બેભાન શરીરને તેમણે એક સૂકા કૂવામાં નાંખી દીધું. આ બધું થોડી જ પળોમાં બની ગયું.

હવે તેઓ તાપણાની આસપાસ બેઠા. દરેક જણની જીભ સિવાઈ ગઈ હતી. તેઓ એકબીજાની સામે પણ જોઈ શકતા ન હતા. તેમણે યોસેફે લાવેલું ભાથું ખોલ્યું. તેમણે ખાધું. તેની ઉપર તેમણે દારૂનો પણ સ્વાદ માણ્યો.

માત્ર રૂબેન જ ત્યાં દેખાતો ન હતો. તે નજીકની ઝાડીમાં લપાઈને બેઠો બેઠો રાત પડવાની રાહ જોતો હતો. સૂર્ય આથમી ગયો હતો અને આકાશ લોહી જેવું લાલ દેખાતું હતું. તેને ખબર હતી કે તેના ભાઈઓ હવે દારૂ ઢીંચવાનું શરૂ કરશે. અને પછી ઘોરવા માંડશે. રૂબેને વિચાર્યું હતું કે ભાઈઓ ઊંઘી જાય તે પછી યોસેફને ખાડામાંથી બહાર કાઢશે અને ઘેર મૂકી આવશે.

રૂબેનની ગેરહાજરીની તેના ભાઈઓને ખબર જ ન હતી. પીવાને કારણે તેમની જીભ છૂટી થઈ.

“પેલા ખાડામાં યોસેફભાઈ સૂરજ, ચંદ્ર અને તારાઓની સલામી ઝીલી રહ્યા હશે !”

“ખાધાપીધા વિના તેની દશા જોવાની મજા પડશે.”

રાત પડી. બળતા લાકડાંના હાલતા અજવાળામાં તેમના ચહેરા ભૂત જેવા દેખાતા હતા.

“ચૂપ!” અચાનક ચિસ્સાખાર બરાડ્યો.

અંધકારમાં ચાલતા ઊંટોના અવાજને તેઓ શ્વાસ રોકીને સાંભળી રહ્યા. તે અવાજો પાસે ને પાસે આવી રહ્યા હતા. છેવટે અંધકારમાં આકારો સ્પષ્ટ થયા ત્યારે ઊંટો પર બેઠેલા માણસો તેમને દેખાયા. સલામ કરવા તેમણે હાથ ઊંચા કર્યા. તેમને જોઈને યોસેફના ભાઈઓએ રાહતનો દમ ખેંચ્યો. અરે, આ તો ઇશ્માએલી વેપારીઓ હતા. તેઓ ગિલઆદથી આવી રહ્યા હતા. તેમની પોઠોમાં ગુંદર, ગોળ, અને લોબાન હતાં.

અજાણ્યા વેપારીઓ પણ ભાઈઓની પાસે આવી તાપણા આગળ ગોઠવાયા. ફરી એકવાર દારૂની પ્યાલીઓ ફરવા લાગી. એટલામાં એક વેપારીએ કહ્યું, “આટલામાંથી મને કોઈ અવાજ આવતો સંભળાય છે. કોઈ જાણે મદદ માટે બૂમો પાડતું હોય એવું લાગે છે.”

ટમટમતા અજવાળામાં વેપારીઓને ખસિયાણા પડી ગયેલા ભાઈઓના ચહેરા દેખાયા નહિ. યહૂદાએ ગાદના કાનમાં કશી વાત કરી અને ગાદે તે પોતાના ભાઈઓને સમજાવી દીધી. “પેલા યોસેફને ખાડામાંથી કાઢીને આ ઇશ્માએલીઓને સોંપી દઈએ તો ? એ લોકો તેને મિસરમાં ગુલામ તરીકે વેચી દેશે. આપણે તેના લોહીથી આપણા હાથ શા માટે રંગવા ?” બધા

ભાઈઓને એ વિચાર સારો લાગ્યો. તેમણે યહૂદાને જ આ વેપારીઓ સાથે વાત કરી લેવા જણાવ્યું.

યોસેફને ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યો. મારને કારણે તેના આખા શરીર પર ઉઝરડા પડી ગયા હતા.

"હવે તેનું શું થશે."

તેના ભાઈઓ તેની સાથે આંખ મિલાવી શકતા ન હતા.

વેપારીઓએ યોસેફને તપાસ્યો, તેમણે કહ્યું, "આ જુવાન રૂપાળો અને મજબૂત છે. જોકે તે બહુ મહેનતનું કામ કરી શકે એવું લાગતું નથી, તો પણ અમે તેના મૂલ્યરૂપે ચાંદીના ૨૦ સિક્કા આપીશું."

તેના ભાઈઓને ભાવતાલ કરવો જ ન હતો. તેમને તો યોસેફને ઠેકાણે કરી દેવો હતો. તે રાત્રે જ પેલા વેપારીઓએ યોસેફને લઈને ચાલતી પકડી.

યોસેફ ચૂપચાપ બધું સાંભળતો હતો. તેમની સામે દલીલો કરવાનોય શો અર્થ હતો ? તેના આખા શરીરમાં દુખાવો થતો હતો. તેના બંને હાથ દોરડા વડે પીઠ પાછળ બાંધી દેવામાં આવ્યા. પછી તેને ઊંટ સાથે બાંધી દેવાયો. બે ચોકીદાર તેના પર નજર રાખતા હતા. જરાપણ વિરોધ કે બડબડાટ કર્યા વિના યોસેફ આધીન થઈ ગયો.

આ બધી વાતની રૂબેનને ખબર ન હતી. તેણે આવીને જોયું તો તેના ભાઈઓ ધાબળા ઓઢીને ઘસઘસાટ ઊંઘતા હતા. તેણે તાપણામાંથી એક સળગતું લાકડું લીધું અને પેલા ખાડા તરફ ચાલ્યો.

ખાડા પાસે જઈને તેણે બૂમ પાડી, "યોસેફ!"

"યોસેફ! હું રૂબેન છું. હું તને બહાર કાઢવા આવ્યો છું."



પણ તેના પોતાના અવાજના પડઘા સિવાય બીજો કશો જ અવાજ તેને સાંભળવા મળ્યો નહિ. ફરીથી જોરથી બૂમ પાડી "યોસેફ!"

"યોસેફ મરી તો નહિ ગયો હોય? શું તેમણે તેને મારી નાંખ્યો છે ?" રૂબનના મનમાં સવાલો ઊઠતા હતા.

તેણે તેના હાથમાં પકડેલું સળગતું લાકડું ખાડામાં નાંખી દીધું. તેના અજવાળામાં તેણે જોયું તો ખાડો તો સાવ ખાલી હતો.

નિરાશ રૂબેન તાપણા પાસે પાછો આવ્યો. મોતે મોડો પડ્યો હતો કે શું ? તેણે તો પોતાના ઊંઘતા ભાઈઓને હલાવી નાંખ્યા અને પૂછવા લાગ્યો, "યોસેફ તો ખાડામાં નથી તે ક્યાં છે ? તમે તેનું શું કર્યું છે ?"

તેના ભાઈઓ ઊંઘથી ઘેરાયેલી આંખે હસતા હતા. તેમણે કહ્યું, "તે મરી નથી ગયો ભાઈ. અમે તેને ઇશ્માએલી વેપારીઓને વેચી દીધો છે. તેના પૈસાનો અમે સરખો ભાગ પાડ્યો છે. તારા ભાગના ચાંદીના સિક્કા આ રહ્યા. પણ જો તું અમારા કામની ખબર પિતાજીને આપી દઈશ તો તારા પણ એવા જ હાલ થશે. કાલે એક બકરીને મારીને તેના લોહીમાં યોસેફનો ફાટેલો ઝભ્ભો રંગી નાંખીશું અને પછી તે પિતાજીને આપી આવીશું."

સ્તબ્ધ થઈને રૂબેન ભાઈઓની વાત સાંભળી રહ્યો. તેના ભાઈઓએ ધરેલા પૈસાને તેણે હાથ પણ લગાડ્યો નહિ. હવે તે પિતાજીને શું મોં બતાવશે?

રૂબેન આગળ ચાલવા લાગ્યો. આકાશમાં તારા ચમકતા હતા અને રૂબેનની આંખોમાં આંસુ તગતગતાં હતાં. ચંદ્ર પ્રકાશવા લાગ્યો ત્યારે તો રૂબેન ધ્રૂસકે ધ્રૂસકે રડતો હતો.

યાકોબ અધીરા બની રાહ જોતો હતો. યોસેફ તો ક્યારનોય પાછો આવી જવો જોઈતો હતો. યોસેફને જ્યાંથી વિદાય કર્યો હતો ત્યાં યાકોબ અનેકવાર જઈ આવ્યો હતો. ક્યાંય યોસેફ આવતો દેખાય છે? યોસફને દૂરથી પોતાનું ઘર બરાબર દેખાય માટે રાત્રે તાપણું જોરથી સળગાવવામાં આવ્યું હતું.

બેન્જામીન પિતાને પૂછતો, ''આજે તો યોસેફ ઘેર આવશે ને ?'' યોસેફ વિનાના દિવસો સૂના અને નીરસ લાગતા હતા. પોતાના ભાઈને દૂરથી જ આવતો પહેલાં જોવા માટે તે ઊંચા વૃક્ષ પર ચઢીને કલાકો ત્યાં બેસી રહેતો.

યોસેફને ગયાના નવમા દિવસે બેન્જામીને દૂરથી એક ટપકું જોયું. તે પાસે ને પાસે આવતું જતું હતું. છેવટે બેન્જામીને જોયું તો કોઈ માણસ આવી રહ્યો હતો. બેન્જામીન ઝાડ પરથી નીચે સરકી આવ્યો. તેણે પિતાને હાંક મારી, ''પિતાજી, યોસેફ આવે છે હું તેને મળવા જાઉં છું.'' કહી તેણે દોટ મૂકી.

પિતા યાકોબે તેના દીકરાઓ સાથે જે નોકર મોકલ્યો હતો તેની સાથે થોડી જ વારમાં તે નિરાશ વદને પાછો આવ્યો

યાકોબ દરવાજામાં ઊભો હતો. તેણે પૂછ્યું, ''યોસેફ ક્યાં છે ?''

નોકરે અચકાતાં ઉત્તર આપ્યો, ''માલિક, તમારા દીકરાઓએ મને મોકલ્યો છે. તેમને કાંટાળી ઝાડીમાંથી ભાથાની પોટલી અને આ ચિરાઈ ગયેલો ઝભ્ભો મળ્યો છે.''

યાકોબે તેના હાથથી તેનું મોં ઢાંકી દીધું. તે રડવા લાગ્યો. કોઈ જંગલી પ્રાણીએ તેને મારી નાખ્યો છે.

યાકોબ તેના ઘરના ખાલી મોટા ઓરડામાં ભરાઈ ગયો હતો. કોઈ તેની પાસે જઈ શકતું ન હતું. સ્ત્રીઓ પણ છાનીમાની



વાત કરી લેતી. તેના પૌત્રો કે બેન્જામીન પણ તેને દિલાસો આપી શકતા ન હતા. ઈશ્વરી યોજના સમજવી ઘણી અઘરી હતી. લાંબી અને ઊંઘ વિનાની એ રાત્રીઓમાં યાકોબ ઈશ્વર આગળ ફરિયાદ કરતો, "તમે મારો દીકરો લઈ લીધો છે. મારું દુઃખ તો જુઓ. મારાં વાળ ધોળા થઈ ગયા છે. મારાં વસ્ત્રો મેં ફાડ્યાં છે. મેં તાટ પહેર્યું છે. મારી વૃદ્ધાવસ્થામાં દુઃખ જ દુઃખ છે. હું કદી દિલાસો પામીશ નહિ. દુઃખ અને વેદનામાં હું મરી જઈશ."

પ્રભુએ તેને કશો જ ઉત્તર આપ્યો નહિ.

વર્ષો અગાઉ જ્યારે આકાશને આંબતી સીડી તેણે સ્વપ્નમાં જોઈ હતી ત્યારે પ્રભુએ યાકોબને જે વચન આપ્યું હતું તે શું તે ભૂલી ગયો હતો?

"જો હું પ્રભુ છું. જ્યાં જ્યાં તું જશે ત્યાં હું તારી તથા તારા પરિવારની સાથે રહીશ."

# ૨

યોસેફને ચાંદીના વીસ સિક્કામાં વેચી દીધા પછી ઘણા દિવસો પસાર થઈ ગયા.

એક સવારે ઇશ્માએલી વેપારીઓ વિશાળ નાઈલ નદી પાસે આવી પહોંચ્યા. એક મોટી હોડીમાં તેઓ બેઠા. હોડીના નાવિકો તેમની ભાષામાં ગીત ગાતા હતા.

યોસેફને તેમની ભાષા સમજાતી ન હતી. એક વેપારીએ કહ્યું, "આ લોકો નાઈલ નદી અને તેમના રાજા ફારૂનની સ્તુતિનાં ગીત ગાય છે. હવે આપણે નિર્ધારિત સ્થળે આવી પહોંચ્યા છીએ. આ તો મિસર દેશ છે."

બધું જ વિચિત્ર લાગતું હતું ! ઘરો, રસ્તાઓ અને માણસો. સ્ત્રીઓએ ઘણાં સુંદર તથા મૂલ્યવાન વસ્ત્રો પહેર્યાં હતાં. પુરુષો ખુલ્લાં બારણા આગળ ઊભા રહી એકબીજા સાથે વાતો કરતા હતા.

નગરના રસ્તાઓ પર ચાલતાં યોસેફ વિશાળ મકાનો તથા ભરચક રસ્તાઓને નવાઈથી જોઈ રહ્યો હતો. તેને બંધનમુક્ત કરનાર વેપારીઓથી છૂટા ન પડી જવાય તે માટે તેણે સાવધ રહેવું પડતું હતું. પોતે ભાગી નહિ જાય તેવું તેણે વચન આપ્યું હતું. આ અજાણી ભાષા તથા રિવાજોના દેશમાં ભાગી છૂટવાનો અર્થ પણ શો હતો?

મોટા મહેલની શ્વેત દીવાલો પાછળ સૂરજ ઊગ્યો. તેનાં સોનેરી કિરણો મહાલયોના સોનેરી ઘુમ્મટો પરથી પરાવર્તિત થઈને આંખને આંજી દેતા હતા.

આંખો પર હાથ મૂકી યોસેફ ઊભો રહી ગયો. તે તો ફારૂન રાજાનો મહેલ હતો. યોસેફને તો આ બધું સ્વપ્ન જેવું લાગતું હતું જાણે હમણાં તે પૂરું થઈ જશે અને જાગી જવાશે.

"અરે એ... જલદી કર." ઇશ્માએલી વેપારીનો અવાજ તેના કાને અથડાયો. "બજાર તો શરૂ પણ થઈ ગયું."

બજારમાં ટોળાં જામતાં જતાં હતાં. યોસેફને આમતેમથી ધક્કા વાગતા હતા. માત્ર ભારે બોજવાળાં ઊંટો જ માર્ગ પર બેફિકર આગળ વધી રહ્યાં હતાં. તેને તો વેચનારા અને ખરીદનારાના ઘાંટા જ સંભળાતા હતા. દરેક માણસ પોતાની બાજુવાળા કરતાં મોટેથી બોલવાનો પ્રયત્ન કરતો હતો. યોસેફને ઊભા રહીને સાંભળવાનું મન થઈ આવ્યું. થોડી પળો તો જાણે કે થાક પણ વિસરાઈ ગયો.

ગુલામો વેચતા વેપારીઓ પાસે ઇશ્માએલીઓને થોડી જગા મળી. તેમણે જમીન પર પાથરણાં બિછાવી દીધાં. યોસેફ નજીકની એક સાંકડી દીવાલ પાસે ઊભો રહી ગયો.

એક ઇશ્માએલી વેપારીએ ઘાંટો પાડ્યો, "એ જરા ટટ્ટાર ઊભો રહે. આમ માંદલો કેમ દેખાય છે?"

યોસેફ સમજી ગયો. ઇશ્માએલીઓ તેને ઊંચી કિંમતે વેચી દેવા માગતા હતા. તેને વિચાર આવ્યો, "આજે રાત્રે ક્યાં સૂવાનું થશે? આવતી કાલ કેવી ઊગશે?"

બપોર થઈ ગઈ. ગરમી વધી. હવા ગરમ હતી. ધૂળની ડમરીઓ ઊડીને વસ્ત્રોની આરપાર ચામડીને ચોંટતી હતી. મસાલાઓની સુગંધ સાથે માણસો તથા પશુઓની ગંધ ભળતી જતી હતી. તેની સાથે વધારે પાકેલાં ફળો તથા માછલીની





દુર્ગંધ પણ નસકોરાંમાં ભરાઈ જતી. કેટલાક વેપારીઓ તો પથારો સંકેલવા માંડ્યા.

યોસેફ હજી પણ ઊભો હતો. તેની તરફ કોઈનું ધ્યાન ગયું ન હતું. બાજુમાં ગુલામોના વેપારીઓએ સારો ધંધો કર્યો હતો. જ્યારે પણ કોઈ ગ્રાહક આવતો કે તેઓ થાકેલા ગુલામને સોટી ફટકારીને જાગૃત કરી દેતા. શ્રીમંત ખેડૂતો અને જમીનદારો તેમની મિલકતો તથા ખેતરોમાં કામ કરવા માટે ગુલામો ખરીદવા આવતા.

દુઃખી દેખાતા, સાંકળોથી બંધાયેલા ગુલામો સાથે ખરીદનારાઓ દુર્વ્યવહાર કરતા. તેમને તપાસતા. યોસેફે જોયું તો તેમની સાથે પશુ જેવો વ્યવહાર કરવામાં આવતો. તેને પણ ગુલામ તરીકે જ વેચાવાનું હતું. ભૂખ અને દુઃખથી થાકેલો એક ઘરડો ગુલામ જમીન પર ઢળી પડ્યો. ગુલામોના વેપારીએ તેને સાંટકાથી ઝૂડી કાઢ્યો. તેની કાળી પીઠ પર લોહીની ટશરો ફૂટી નીકળી

"એ આળસુ, ઊભો થા. તું તદ્દન નકામો છે. તને તો ખાવાનું જ ન આપવું જોઈએ."

આ જોઈને યોસેફનું લોહી ઊકળી ઊઠ્યું. તેણે હિંમતપૂર્વક દોડીને પેલા વેપારીના હાથમાંથી સાટકો ઝૂંટવી લીધો.

ગુલામોનો વેપારી અચાનક ઊભી થયેલી પરિસ્થિતિમાં, ફુલાતા મોંએ યોસેફને જોતો, પળવાર થંભી ગયો. પછી તરત જ દાંત પીસતો યોસેફ તરફ ધસ્યો.

"અમારી વચ્ચે પડનારો તું કોણ છે? ચાલ તનેય મજા ચખાડું !"

લોકો તો તમાશો જોવા તરત જ ભેગા થઈ ગયા. ઈશ્માએલી વેપારીઓ પણ ગુસ્સે થયા. યોસેફને ઠપકો આપવા લાગ્યા. "તારે લીધે અમારે માથે મુશ્કેલી આવશે તેનું તને ભાન છે કે નહિ ?" ગુસ્સે થયેલા ગુલામોના વેપારીની ક્ષમા માંગી. તેને શાંત પાડ્યો. તેમણે કહ્યું, "આ યુવાન કનાન દેશનો છે અને તેને અહીંના રીતરિવાજની ખબર નથી."

ગુલામોના વેપારીએ કહ્યું, "ફિકર નહિ, અમે તેને અમારા રીતરિવાજો બરાબર શીખવાડી દઈશું. તેની કિંમત બોલો, અમારે તેને ખરીદવો છે."

ઈશ્માએલીઓ તેની સાથે સોદો કરતા હતા ત્યારે જ એક રૂઆબદાર માણસ તેની પાસે આવ્યો. તેણે આ ઝઘડો નજરે જોયો.

તેને જોઈને ગુલામોનો વેપારી ચૂપ થઈ ગયો. તેના ચહેરા પર દંભી સ્મિત ઊપસી આવ્યું. તેણે પેલા માણસને ભૂમિ સુધી નમીને સલામ કરી.

"આવો હજૂર, આવો. આપની શી સેવા કરું?" તેણે નમ્રતાથી કહ્યું.

પેલા અમીર જેવા માણસે તેની તરફ એક ઠંડી નજર નાંખી અને પછી ઇશ્માએલીઓ તરફ ફરીને તેણે પૂછ્યું, "આ યુવાન કોણ છે?"

"નામદાર, એ તો ગુલામ છે. અમે તેને વેચવા લાવ્યા છીએ."

"શી કિંમત છે?"

"એ બહુ મજબૂત નથી પણ રૂપાળો છે વળી તે લખી-વાંચી શકે છે અને ગણતરી પણ કરી શકે છે."



"મારો સમય ના બગાડ. તારી કિંમત બોલી નાંખ."

"ચાંદીના માત્ર ૧૦૦ સિક્કા થશે. પણ તમેય યાદ કરશો."

પેલા રૂઆબદાર માણસે યોસેફને કહ્યું, "મારી પાછળ આવ. હવેથી તું મારી સેવામાં છે." પછી તે એકઠા થયેલા ટોળાની પરવા કર્યા વિના તે પોતાની પાલખીમાં જઈને બેસી ગયો. તે પાલખી બે મજબૂત માણસોએ ઉપાડી હતી. તેમાંથી એક જણે પ્રશ્ન કર્યો, "આ નવા ગુલામને બેડીઓ પહેરાવું?"

"જરૂર નથી. મને તેનો ભરોસો છે." જવાબ મળ્યો.

જે કાંઈ થયું તેનાથી અવાક્ બની ગયેલો યોસેફ પાલખીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તે મનોમન પ્રભુનો આભાર માનતો હતો કે તે ગુલામોના પેલા ક્રૂર વેપારીના પંજામાંથી બચી ગયો.

યોસેફના નવા માલિકનું નામ પોટીફાર હતું. તે ખજાનચી હતો અને ફારૂનના અંગરક્ષકોનો નાયક હતો. તે મહેલની નજીકના સુંદર ઘરમાં રહેતો હતો. તેની સાથે તેની પત્ની તથા ઘણા નોકરચાકર હતા. જે જ્યાં જ્યાં જતો ત્યાં લોકો તેને ઓળખી લેતા અને માનપૂર્વક તેને માટે રસ્તો કરતા.

પોટીફારને માટે યોસેફની ખરીદી ઘણી જ યોગ્ય હતી. થોડા મહિનાઓ જ તેને મિસરની ભાષા આવડી ગઈ. તેણે તે લિપિ લખતાં પણ શીખી લીધું. હવે મિસરી બોલી કે સાહિત્ય તેના માટે અજાણ રહ્યાં ન હતાં. આ પોટીફારના ઘરમાં સોનાનાં આસનો, કાચનાં સુંદર વાસણો, તાંબાના જગ તથા ચમચા પણ હતા. ત્યાં પુરુષો પણ ઘરેણાં પહેરતા. તેઓ આંગળીઓ પર

તેજસ્વી હીરાની વીંટીઓ પહેરતા, કાનમાં એરિંગ પહેરતા. ગળામાં સોનાના દોરા તથા હાથે કડાં પહેરતા.

પોટીફારના ઘરમાંથી નાઈલ નદી દેખાતી. આ નદી તે દેશનું જીવન હતી. તેના પાણીથી ખેતરોમાં સિંચાઈ થતી. તેના કિનારે અંજીરવૃક્ષો, દાડમની વાડીઓ તથા તાડવૃક્ષો પણ ઊગતાં. તેના પાણીમાં જળઘોડા અને હિપોપોટેમસ રહેતા.

બાળકો નદીનાં પાણીમાં માછલીઓ પકડતા અને હોડીઓ બનાવી તરતી મૂકતા. આ જોઈને યોસેફનું મુખ મલકી જતું. તેને થતું બેન્જામીન અહીં હોત તો કેવી મજા પડત!

જોત જોતામાં મિસર દેશમાં યોસેફને આવ્યે ત્રણ વર્ષ પસાર થઈ ગયાં. પોટીફારે વિચાર્યું, ''યોસેફ હરેક કામમાં સફળ થાય છે. તે વિશ્વાસુ ગુલામ છે. તેનો હું માલિક છું પણ તે તો ખરેખર વફાદાર અને મહેનતુ છે.''

પોટીફારે યોસેફને કહ્યું, ''તું મારા ઘરમાં આવ્યો ત્યારથી મારું નસીબ ઊઘડ્યું છે. ઘરની રોનક વધી છે. ઘરની જવાબદારી તું પોતાની સમજીને ઉઠાવે છે. તારા કારણે મારી સંપત્તિ વધી છે. મારા નોકરોની સુખદુ:ખમાં તું ભાગીદાર બને છે માટે આજથી હું તને મારાં ઘર, ખેતર અને તમામ મિલકતનો ઉપરી ઠરાવું છું.'' પોતાના માલિકની જાહેરાત સાંભળીને યોસેફે માનપૂર્વક માલિકનો હાથ ચૂમી લીધો.

પોટીફારની પત્ની કંટાળી ગઈ હતી. તેની પાસે નાનાં સફેદ કૂતરાં હતાં, ચમકીલા રંગોવાળા પોપટનાં પિંજરાં હતાં, સોનાની સાંકળે બાંધેલા વાંદરાં પણ હતાં. પણ એ બધાથી હવે તેને મજા પડતી ન હતી, તેને દિવસો બહુ લાંબા લાગતા. પોટીફાર તો હંમેશાં રાજાના મહેલમાં જ રોકાયેલો રહેતો.

તેના બીજા નોકરો તો વાડીઓમાં અને ખેતરોમાં કામ કર્યા કરતા હતા. એકલો યોસેફ જ ઘરમાં જોવા મળતો.

પોટીફારની સ્ત્રી તેને જોયા કરતી. યોસેફ સુંદર અને ફૂટડો હતો.

તેણે યોસેફને કહ્યું, "તું હવે મારો ગુલામ છે. આ પોપટ, આ વાનર અને આ કૂતરાની જેમ તારે મારું મન બહેલાવવાનું છે. મારા પતિએ તેને ચાંદીના ૧૦૦ સિક્કા આપીને ખરીદ્યો છે."

ખડખડાટ હસતાં તેણે કહ્યું, "ના, નાસીશ નહિ. તું તો મારું રમકડું જ છે !" તે એકદમ ઊભી થઈ અને નઠારા બાળકની જેમ તેનો ઝભ્ભો ખેંચવા લાગી.

અચાનક આવું થવાથી યોસેફ ગભરાઈ ગયો. તે ત્યાંથી ભાગવા ગયો, તો તેનો ઝભ્ભો નીકળી ગયો અને પોટીફારની પત્નીના હાથમાં આવી ગયો. યોસેફ તો પાછું જોયા વિના જ બહારના બગીચામાં દોડી ગયો. મહેલમાંથી પોટીફારની સ્ત્રીની ચીસો હજી તેના કાનોમાં ગૂંજી રહી હતી.

તે સાંભળીને બીજા નોકરો દોડતા આવ્યા. પોટીફારની પત્નીના હાથમાં યોસેફનો ઝભ્ભો હતો. તેણે રડતાં રડતાં કહ્યું, "પેલો પાજી, નવો કારભારી મારા પર હુમલો કરવા આવ્યો હતો. મેં બૂમ પાડી એટલે પોતાનો ઝભ્ભો મૂકીને નાસી ગયો."

નોકરો તો એકબીજાનાં મોં જોવા લાગ્યા. પછી તેઓ ચૂપચાપ પોતાના કામે લાગી ગયા. યોસેફ પોતાના કમરામાં તો ગયો પણ ખરેખર શુ બની રહ્યું હતું તેની તેને સમજ પડતી ન હતી.



પોટીફાર આવ્યો કે તરત જ તેની પત્નીએ હીબકાં ભરતાં ભરતાં તેના ખોળામાં યોસેફનો ઝભ્ભો ફંગોળ્યો અને કહ્યું, "તેણે મારા પર હુમલો કર્યો હતો, તેનો આ પુરાવો છે."

પોટીફોર કાંઈ બોલ્યો નહિ. તે વિચારતો હતો. આ યોસેફને મેં ગુલામોના વેપારીના ક્રૂર હાથમાં પડતો બચાવ્યો હતો. હું તેને દીકરા સમાન ગણતો અને તેને મેં મારા ઘરનો ઉપરી બનાવ્યો. કદાચ મેં તેના પર ખોટો વિશ્વાસ મૂક્યો. યોસેફ આવું કરે ખરો?

એટલામાં તેની પત્નીના અવાજે તેને જાણે કે ઊંઘમાંથી જગાડ્યો.

"એને અહીંથી કાઢો. તમને જે ઠીક લાગે તે કરો પણ હું તેનું કાળું મોં જોવા માગતી નથી."

પળભર તો પોટીફાર અચકાયો. તેને થયું યોસેફને મળીને વાત કરું? પણ શી જરૂર છે ? આ તેનો ઝભ્ભો એ જ એક મોટો પુરાવો નથી? તેનું મન ઘણું દુઃખી તથા નિરાશ હતું. તેણે કહ્યું "મારે એને મળવાની કશી જરૂર નથી."

યોસેફ બિચારો શું કરે? બે સૈનિકોએ તેને પકડીને જેલમાં પૂર્યો.

કેદખાનામાં યોસેફને રાત ઘણી લાંબી લાગતી. તેને ઊંઘ પણ આવતી ન હતી. આસપાસની ઓરડીઓમાંથી નિસાસા અને શાપ વરસાવવાના અવાજો તેને ઊંઘવા દેતા ન હતા. તે ટૂંટિયું વાળીને બેસી રહેતો. અંધકારમાં તાકી રહેતો. ભેજવાળી દીવાલો પર ગરોળીઓ ફરતી. દીવાલોના કાંણામાંથી ઉંદર આમતેમ દોડાદોડી કરતા. તે એકલો અને હતાશ હતો. તેને પોતાના પિતા, નાનોભાઈ બેન્જામીન અને બીજા ભાઈઓની

યાદ આવી જતી. તેઓ શા માટે તેને ધિક્કારતા હતા? તે શું તે ક્યારે પણ જાણી શકશે ખરો?

ઘણાં અઠવાડિયા પછી પહેલીવાર તેને પ્રાર્થના કરવાનો વિચાર આવ્યો. તેને યાદ આવ્યું કે એક વાર તેણે પિતાને પૂછ્યું હતું કે, "ઈશ્વર કેવા હોય? તે દેખાતા કેમ નથી?" અને ઉત્તરમાં પિતાએ કહ્યું કે, "ઈશ્વર તો કોઈ પથ્થર કે ઝાડ જેવા નથી. તે તો એક બળ છે, શક્તિ છે."

એક દિવસ જેલના અધિકારી યોસેફ પાસે આવ્યા. તેમણે કહ્યું, "યોસેફ, મેં તારા વિષે તપાસ કરી છે. પોટીફારના નોકરોએ પણ તારા વિષે સારી વાતો જણાવી છે. તેઓ માને છે કે તું નિર્દોષ છે. તને મુક્તિ આપવાનો તો મને અધિકાર નથી, પણ આજથી તું કેદીઓની દેખરેખ રાખવામાં મોટો સહાયક બન. નવા લોકો સાથે કામ લેવા મારે કોઈની મદદની જરૂર તો હતી જ."

હવે યોસેફને સૂવા માટે સ્વચ્છ ઓરડો મળ્યો. જેલની દીવાલોની હદમાં તે છૂટથી રહી શકતો.

કેદીઓને યોસેફમાં વિશ્વાસ હતો. તે કેદીઓ સાથે માયાળુપણે બોલતો, ઘણા કેદીઓ યોસેફની આગળ પોતાનું મન ખોલતા.

યોસેફે કેદીઓની ગંદી કોટડીઓ સાફ કરાવી. તે તેમને સમય પસાર કરવા માટે જુદાં જુદાં કામ સોંપતો. શક્ય હોય તે બધી રીતે સહાયરૂપ થતો. જેલના અધિકારીએ તેને છૂટ આપી હતી. યોસેફની દેખભાળ નીચેનો કોઈ કેદી ભાગી જવાની કોશિશ કરતો નહિ. હંમેશાં ચઢેલા દેખાતા ચહેરા પર હવે આનંદ દેખાતો. કેદીઓ વિશે હવે ચિંતા કરવાની જરૂર ન હતી.

એ કેદીઓમાં બે ફારૂનના અધિકારીઓ પણ હતા. એક હતો રાજાનો સાકી (દારૂ પીરસનારો) અને બીજો હતો રાજાનો ભઠિયારો. ફારૂનને શંકા પડી હતી કે તે બંને જણા પોતાના હોદ્દાનો દુરુપયોગ કરતા હતા. તેથી રાજાએ તેમને કેદમાં પૂર્યા હતા.

એક સવારે યોસેફે જોયું તો આ બંને અધિકારીઓ પોતાના કમરામાં ઉદાસ ચહેરે બેઠા હતા. તેણે તેઓને પૂછ્યું, "શી વાત છે? તમે બંને કેમ ઉદાસ દેખાવ છો ?"

બંને જણે કહ્યું, "ગંઈ રાત્રે અમે બેઉ જણે સ્વપ્ન જોયાં છે અને તેનો શો અર્થ થાય તેની અમને ખબર પડતી નથી."

"તમે મને તો કહો, હું કદાચ તમને મદદ કરી શકું." યોસેફે કહ્યું.

રાજાનો સાકી કહેવા લાગ્યો, "ગઈ કાલે રાત્રે મેં સ્વપ્નમાં જોયું તો મને એક દ્રાક્ષાવેલો દેખાયો. તેની ત્રણ ડાળીઓ હતી. જોતજોતામાં ડાળીઓ વધતી ગઈ. તેના પર દ્રાક્ષાઓ લાગી અને પાકી પણ ગઈ. મારા હાથમા રાજાનો પ્યાલો હતો. મેં પેલા વેલામાંથી દ્રાક્ષ ચૂંટી લીધી અને તેનો દ્રાક્ષારસ કાઢીને રાજાની આગળ પ્યાલો ધર્યો.

યોસેફે બહુ ધ્યાનપૂર્વક તેની વાત સાંભળી અને પછી કહ્યું, "મહોદય, ત્રણ દ્રાક્ષો ત્રણ દિવસ બતાવે છે. ત્રણ જ દિવસમાં ફારૂન તમને યાદ કરશે. તે તમને માફી આપશે અને તમારી જગ્યા પાછી સોંપશે. તમે આ સાકી તરીકે રાજાને માટે જુદા જુદા આસવો (પીણાં) તૈયાર કરશો અને ફારૂનની સમક્ષ પ્યાલો લઈને ઊભા રહેશો."



આ સાંભળીને સાકી (દારૂ પીરસનાર) બોલી ઊઠ્યો, "તારી વાત સાચી પડે તો કેવું સારું?"

મુખ્ય રસોઈઓ વચમાં જ ટપકી પડ્યો અને કહેવા લાગ્યો, "હવે મારો વારો છે. મેં સ્વપ્નમાં જોયું તો મારા માથા ઉપર ત્રણ સફેદ ટોપલીઓ હતી. સૌથી ઉપરની ટોપલીમાં રાજાને માટે સુંદર સુંદર પકવાનો હતાં. પરંતુ પક્ષીઓ આવ્યાં ને તેમાં ચાંચો મારીને ખાઈ ગયાં."

યોસેફે આ સ્વપ્નનો ઉત્તર આપતાં પહેલાં લાંબા સમય સુધી વિચાર કર્યો. પછી તે બોલ્યો, "શ્રીમાન, ત્રણ ટોપલીઓ ત્રણ દિવસ બતાવે છે. ત્રણ દિવસમાં ફારૂન તમને યાદ કરશે અને તમને ફાંસીએ લટકાવશે. આકાશનાં પક્ષીઓ આવીને તમારા શબને ચાંચો મારશે."

તે સાંભળીને પેલાનું મોં પડી ગયું. તે લમણે હાથ દઈને બેસી ગયો. તેનું મન યોસેફની વાત માનવા તૈયાર ન હતું. તેણે કહ્યું, "મને લાગે છે કે એવું તો નહિ જ થાય."

રાજા ફારૂનનો જન્મદિવસ આવ્યો. તે પોતાની સોનેરી નૌકામાં સહેલગાહ કરવા નીકળી પડ્યો. લોકો તેને જોઈને આનંદના પોકારો કરતા હતા. તેઓ તેનો ઘણો આદર કરતા હતા. તેઓ પ્રેમથી તેને "સૂર્યપુત્ર" કહેતા.

મોડી રાત્રિ સુધી જન્મદિવસની ઉજવણી ચાલુ રહી. લોકો શેરીઓમાં અને રસ્તાઓ પર આનંદ મનાવતા. બધાં માણસો આનંદમાં ઝૂમતાં અને ગીતો ગાતાં હતાં.

રાજા ફારૂનના મહેલમાં તો રાત્રે હજારો દીવડા સળગ્યા. તેને પ્રજાજનો તરફથી તથા પાડોશી રાજવીઓ તરફથી એટલી બધી ભેટો મળી હતી કે તેનો એક મોટો ડુંગર રચાયો હતો. તેને



ભેટમાં મૂલ્યવાન વસ્ત્રો, સોના-ચાંદીના અલંકારો, હાથીદાંત અને કાસાની મૂર્તિઓ વગેરે ઘણી બધી ભેટો મળી હતી. તે બધામાં પાંજરે પૂરાયેલા, રણના જીવતા સિંહો તો ખાસ ધ્યાન ખેંચતા હતા.

પોતાની વર્ષગાંઠની મિજબાનીમાં ફારૂન તેના પરિવાર, અધિકારીઓ તથા મહેમાનો સાથે બેઠો હતો. નોકરો તેમને માટે સ્વદિષ્ટ વાનગીઓ પીરસતા હતા. નૃત્યકારો તથા વીણાવાદકો મહેમાનોનું મનોરંજન કરતા હતા. જેલના અધિકારી પણ ત્યાં હાજર હતો. અચાનક ફારૂને તેને જેલના કેદીઓની યાદી રજૂ કરવાનો હુકમ કર્યો.

જેલ અધિકારીએ તરત જ તે રજૂ કરી. ફારૂન તે વાંચતો ગયો. જેમ જેમ ફારૂન વાંચતો ગયો તેમ તેમ તેના ચહેરા પર અવારનવાર ફેરફાર થતા હતા. જેનું નામ વાંચીને તેને લાગતું કે આને પૂરતી સજા થઈ ચૂકી છે તેમને તે મુક્ત કરવાની નિશાની કરતો. કેટલાંક નામ વાંચીને તેના ભવાં ખેંચાઈ જતાં તો તેમનાં નામ સામે તે જુદી જ નિશાની કરતો હતો. યાદી પૂરી કરીને જેલઅધિકારીને પાછી આપતાં કહ્યું, ‘‘મારી ઇચ્છા આજે જ પૂરી થાય તેવું કરજો.’’

તે રાત્રે સૈનિકો ગર્વનરનો હુકમ લઈને જેલમાં આવ્યા. યોસેફે તેનું પાલન કરવાનું હતું. જેમને માફી આપવામાં આવી હતી તેઓને જેલમાંથી મુક્ત કરવાના હતા. પણ કેટલાક માટે ફાંસીના માંચડા તૈયાર હતા. કેમ કે ફારૂનના નિર્ણય અટલ હતા.

યોસેફે નામોની યાદી વાંચી. તેણે પેલા બે અધિકારીઓને તેમના સ્વપ્નના અર્થ જણાવે ત્રણ દિવસ થઈ ગયા હતા. તેણે જોયું તો પોતે જે અર્થ જણાવ્યા હતા તે સાચા પડ્યા હતા.

ખૂબ આનંદિત હૃદયે રાજાના સાકીએ યોસેફની વિદાય લીધી; કારણ કે, તેને મુક્તિ મળી હતી. તે જતો હતો ત્યારે યોસેફે તેને વિનંતી કરી, "તમે મને યાદ રાખજો."

"અરે ભાઈ, તને ભુલાય ખરો ?" અધિકારીએ ઉત્સાહથી કહ્યું.

યોસેફને થયું કે તેને પણ માફી મળી હોત તો કેવું સારું !

તેણે પેલા અધિકારીને કહ્યું, "મારા દેશમાંથી મને ગુલામ તરીકે અહીં પકડી લાવવામાં આવ્યો છે. પોટીફારના ઘરમાં મેં કશો અપરાધ કર્યો નથી. હું નિર્દોષ છું."

તેની વાત સાંભળી આ સાકીએ તેને વચન આપ્યું, "હું ફારૂન રાજાને તારા વિષે વાત કરીશ."

# ૩

મધ્યરાત્રિએ અચાનક રાજા ફારૂનની ઊંઘ ઊડી ગઈ. તે પોતાની પથારીમાં બેઠો થઈ ગયો. ચારે બાજુ અંધારું હતું. તેના વિશાળ બાગમાં પડેલાં સૂકાં પાંદડાંને પવન આમતેમ ઉડાડી રહ્યો હતો. ફારૂને બારીમાંથી બહાર નજર કરી તો ટમટમતા તારા આકાશમાં દેખાતા હતા.

એક સ્વપ્નને કારણે તેની ઊંઘ ઊડી ગઈ. તેણે જોયું હતું કે તે નાઈલ નદીના કિનારે ઊભો હતો ત્યારે નદીના પાણીમાંતી સાત મજબૂત માંસલ ગાયો બહાર નીકળી આવી. તે નદી કિનારે ઊગેલા રસભર્યા ઊંચા ઘાસને ચરવા લાગી. અચાનક બેડોળ અને દૂબળી દેખાતી બીજી સાત ગાયો નદીનાં પાણીમાંથી નીકળી આવી અને પહેલી સાતેય ગાયોને ખાઈ ગઈ.

લાંબા સમય સુધી ફારૂનને ઊંઘ આવી નહિ. પથારીમાં તે પડખાં ફરતો રહ્યો. જરા આંખ મળી કે પરોઢે વળી પાછો જાગી ગયો. તેણે બીજું એક સ્વપ્ન જોયું હતું.

તેણે એક સાંઠા પર સાત કણસલાં જોયાં. તે પાકાં અને દાણાથી ભરેલાં હતાં. હજી તે જોતો હતો એવામાં તેણે બીજાં સાત ચીમળાયેલાં અને દાણા વિનાના કણસલાં જોયાં. તે પહેલાં સાતને ગળી ગયાં.

આવાં સ્વપ્નોને કારણે ફારૂન ઘણો મૂંઝાયો. પછી તો તે ઊંઘી શક્યો નહિ. તે ઊભો થયો અને બારીમાંથી બહાર જોવા લાગ્યો. તેની આંખો આગળ તેનું વિશાળ સામ્રાજ્ય દેખાતું હતું. ક્ષિતિજે દેખાતા રણની રેતી પાછળ સૂરજનાં કિરણો નીકળી

રહ્યાં હતાં.

તે વિચારતો હતો, "આ સપનાં તો કોઈ અજાણ સંદેશ જેવાં લાગે છે. પણ તેનો અર્થ કોણ બતાવી શકશે?"

"જે કોઈ મારાં સ્વપ્નોનો સાચો અર્થ જણાવશે તેને મોટું ઇનામ આપવામાં આવશે." ફારૂને જાહેરાત કરાવી.

તે સાંભળીને ઘણા જ્ઞાની પુરુષો, વિદ્વાનો, જ્યોતિષીઓ અને જાદુવિદ્યા જાણનારાઓ દૂર દૂરથી રાજદરબારમાં આવવા લાગ્યા. તેમાંના ઘણાં નદી કિનારે ઝૂંપડાંઓમાં રહેતા હતા, તો ઘણા વર્ષોથી ગુફામાં ધ્યાન ધરતા હતા.

કોઈ એક વાત કરે તો બીજો બીજી વાત કરે. તેમની વાતમાં રહેલી અનિશ્ચિતતા ફારૂનની જાણમાં આવી ગઈ. તે બરાડી ઊઠ્યો, "તમે બધા નકામા છો !"

તેનો ગુસ્સો જોઈને બધા ગભરાઈ ગયા અને લોચા વાળવા લાગ્યા. ફારૂને બધાને હાંકી કાઢ્યા. તે કહેવા લાગ્યો, "આટલી બધી સત્તા અને આટલા ધનનો શો અર્થ? મારાં સપનાંનો ભેદ કોઈ બતાવી શકે તેમ નથી."

રાજદરબારીઓ પણ ફારૂનને જોઈ આડાઅવળા થઈ જતા. ગુસ્સામાં ફારૂન સજા ફટકારી દે તો? આવી બીકને કારણે કોઈ બોલવાની હિંમત કરતું નહિ.

યોસેફે સાકીને તેનો સ્વપ્નનો અર્થ જણાવ્યો તેને બે વર્ષ વીતી ગયાં હતાં. તેણે કહ્યા પ્રમાણે જ બન્યું હતું.

અચાનક સાકીને યોસેફ યાદ આવ્યો. તેને આપેલું વચન પણ તેને યાદ આવ્યું. મુક્તિ અને નોકરી પાછી મળ્યા પછી પોતે કેવો યોસેફને ભૂલી ગયો હતો તે યાદ કરતાં તેને શરમ આવી. પણ હવે પોતાની ભૂલ સુધારી લેવાનો સમય પાકી ગયો હતો.



તે ફારૂનની પાસે ગયો. તેણે પોતે અને રાજાના રસોયો જ્યારે જેલમાં હતા ત્યારે તેમને કેવાં સ્વપ્ન આવ્યાં હતાં, અને યોસેફે કેવી રીતે તેનો અર્થ જણાવ્યો હતો અને કેવી રીતે તે સાચો પડ્યો હતો તે બધી વાત ફારૂનને કરી. તેણે કહ્યું, "તે કનાન દેશમાંથી આવેલો જુવાન છે. તે પોટીફારનો ગુલામ હતો. અને હાલમાં તે જેલ અધિકારીનો સહાયક છે."

ફારૂનને તેની વાત રસ પડ્યો. તેણે હુકમ કર્યો, "એ પરદેશી યુવાનને અહીં હાજર કરો. મારે તેની સાથે તાત્કાલિક વાત કરવી છે."

જેલ અધિકારીએ કહ્યું, "યોસેફને એમને એમ ફારૂન પાસે લઈ જવાય નહિ. તેની હજામત કરાવો અને તેને સારાં વસ્ત્રો પહેરાવો." યોસેફ કાંઈ બોલ્યો નહિ. જેલમાં રહેવાના કારણે ધીરજ રાખવાનું તે શીખી ગયો હતો.

ફારૂનના બે ચાકરો સાથે તેને મહેલમાં લઈ જવામાં આવ્યો. લોકો કુતૂહલથી તેને જોઈ રહ્યા હતા. પણ તે તરફ તેણે ધ્યાન આપ્યું નહિ. ચમકતા મહેલના ખંડો પર પણ નજર કરી નહિ.

મનોમન તેણે પ્રાર્થના કરી, "હે પ્રભુ, મને બળ આપો. મારા માટે તમે જે કાંઈ ભાવિ નિમાર્ણ કર્યું હોય, તેનો નમ્રતાથી સ્વીકાર કરવા માટે મને સહાય કરો."

ફારૂન જે ખંડમાં રાહ જોઈ રહ્યો હતો તેમાં પ્રવેશ કરતી વખતે યોસેફ તદન શાંત હતો. તેણે ફારૂનની નજરમાં રહેલી અપેક્ષાઓ જાણી લીધી. તેણે ચૂપચાપ ફારૂનને પ્રણામ કર્યાં અને તેના બોલવાની રાહ જોવા લાગ્યો.

"કનાન દેશમાંથી આવેલો યોસેફ તે તું જ છે?"

"હાજી."

"મારા સાકીએ મને તારા વિષે વાત કરી છે. શું તું સ્વપ્નોનો અર્થ કહી શકે છે?"

"નામદાર, હું તો નહિ પણ પ્રભુની મદદ દ્વારા હું તેમ કરી શકું છું."

ફારૂને ઈશારો કરીને રક્ષકોને બહાર મોકલી દીધા. તે યોસેફ સાથે ખાનગીમાં વાત કરવા ચાહતો હતો. તેણે યોસેફને પોતાના સ્વપ્નનાં દેખાયેલ જાડી અને દૂબળી ગાયો તથા ચીમળાયેલાં અને ભરેલાં કણસલાં વિષે વાત કરી.

યોસેફે બહુ ધ્યાનપૂર્વક વાત સાંભળી. પોતાના મનમાં તેને અજાયબ શાંતિનો અનુભવ થઈ રહ્યો. ફારૂનના શબ્દોની આરપાર તે સ્વપ્નનો અર્થ જોઈ શકતો હતો. છેવટે તેણે કહ્યું.

"રાજાજી, તમારા બંને સ્વપ્નોનો અર્થ એક જ થાય છે. તેમાં ખુશીના સમાચારની સાથે સાથે ચેતવણી પણ છે. સાત માંસલ ગાયો અને સાત ભરેલાં કણસલાં તમારા દેશને મળનારાં સાત આશીર્વાદિત વર્ષ છે. ત્યાર પછી સાત વર્ષ દુષ્કાળનાં અશુભ છે. તે તમારા દેશને બરબાદ કરી દેશે. સાત દૂબળી ગાયો અને સાત ચીમળાયેલાં કણસલાં એજ છે."

યોસેફના શબ્દો પર ફારૂને ઘણો લાંબો સમય વિચાર કર્યો. તેના મનમાં જાણે કોઈ કહી રહ્યુ હતું કે, "આ પરદેશી તારા દેશને બચાવશે. તેના પર વિશ્વાસ રાખ." છેવટે ફારૂને યોસેફને કહ્યું, "આભાર. યુવાન, તારે એક મોટું કામ કરવાનું છે. તું અહીં જ મારી પાસે રહેજે."

બીજી સવારે ફારૂને તેના પ્રધાનો, અધિકારીઓ તથા દરબારીઓને બોલાવ્યા. ફારૂનને જોઈને બધાને ઘણી નવાઈ લાગી. તેણે ખૂબ સુંદર વસ્ત્રો ધારણ કર્યાં હતાં. તેની આંખોમાં



આનંદની ચમક હતી. બધાં એટલું તો સમજી ગયા કે ફારૂન કોઈ ખૂબ મહત્ત્વની જાહેરાત કરશે. ફારૂનના સિંહાસનની બાજુમાં પરદેશી જુવાન્ ઊભો હતો. ફારૂને ધીરગંભીર અવાજે કહ્યું,

"આપણા વિદ્વાનો તથા જ્યોતિષીઓ જે કહી ન શક્યા તે આ અજાણ્યા યુવાને કરી બતાવ્યું છે. તેણે મારાં સ્વપ્નનો અર્થ કહી બતાવ્યો છે. આપણા દેશને સાત ભરપૂરીનાં વર્ષો મળવાનાં છે. ત્યારપછી સાત વર્ષ ભયંકર દુકાળ આવવાનો છે. તેથી આખા દેશમાંથી અનાજ લાવી તેનો યોગ્ય રીતે સંગ્રહ કરવા માટે એક જ્ઞાની માણસની જરૂર છે. તે ઘણું મોટું અને કઠિન કાર્ય છે. તેથી આ દેશના સર્વોચ્ચ અધિપતિ તરીકે મેં યોસેફને પસંદ કર્યો છે અને આજે તમારી સમક્ષ તેની નિમણૂંક કરું છું."

પછી યોસેફ તરફ ફરીને તેણે કહ્યું, "જો, મેં તને આખા દેશ પર અમલદાર નીમ્યો છે. માત્ર હું જ તારા કરતાં મોટો ગણાઈશ. મારી સર્વ પ્રેજા તારી આજ્ઞા માનશે. તું "દેશનો પિતા" કહેવાશે."

હાજર રહેલાં સૌ શ્વાસ થંભાવીને આ જાહેરાત સાંભળી રહ્યા. ફારૂને પોતાના હાથમાંની કિંમતી વીંટી ઉતારીને યોસેફને પહેરાવી. બે નોકરોએ તેને સુંદર શ્વેત ઝભ્ભો પહેરાવ્યો અને ફારૂને તેના ગળામાં સોનાનો હાર પહેરાવ્યો. અને જાહેર કર્યું.

"હું તને દેશનો સર્વોચ્ચ હોકમ ઠરાવું છું."

યોસેફે નમ્રતાથી આ મહાન સન્માનનો સ્વીકાર કર્યો. તે જાણતો હતો કે આ કામ તે માત્ર પ્રભુની સહાયથી જ કરી શકે તેમ હતો.

શપથવિધિ પછી તે દિવસે મોટી ઉજવણી થઈ. આ એક મહાન અને આનંદનો દિવસ હતો.

# ૪

યોસેફ જ્યાં જતો ત્યાં લોકો ખુશાલીનો પોકારો કરતા. લોકો તેને પોતાના દેશનો તારણહાર ગણતા હતા.

ફારૂને યોસેફને રહેવા માટે મહેલ, ઘોડા, રથો, જમીન તથા નોકરો પણ આપ્યાં હતાં. તેણે ઓનના પુરોહિતની દીકરી આશનાથનાં લગ્ન યોસેફ સાથે કરાવ્યાં. તેના લગ્ન પ્રસંગની ઊજવણી ત્રણ દિવસ ચાલી. આશનાથ તથા યોસેફ એકબીજા પર ખૂબ પ્રેમ રાખતાં.

યોગ્ય સમયે વરસાદ પડયો. યોગ્ય સમયે દરેક ઋતુ આવી. વૃક્ષો ફળોના ભારથી લચી પડયાં. ખેતરો ભરપૂર પાકથી લહેરાયાં.

ચાર ઘોડા જોડેલા, બે પૈડાંવાળા રથમાં બેસી યોસેફ આખા દેશમાં ઘૂમતો. તેની સાથે ઘણા ઉપરી અધિકારીઓ પણ રહેતા. વારંવાર તે ખેતરો પાસે રોકાતો અને પવનથી ડોલતાં કણસલાં તોડીને તેના દાણાને તપાસી જોતો અને પછી કાળજીપૂર્વક તેને ભંડારમાં મૂકવાનો હુકમ કરતો. તે કહેતો, ‘‘દાણાના એક કણનો પણ બગાડ થવા દેશો નહિ.’’ કોઈ બગાડ કરતો પકડાય તો તેને સજા કરવામાં આવતી. મોટા મોટા ભંડારો અને કોઠારો અનાજની ગુણોથી ભરાયા, પણ યોસેફને સંતોષ ન હતો. તેના હુકમ પ્રમાણે નવા નવા કોઠારો બાંધવામાં આવ્યા. એટલા વિશાળ કોઠારો બનાવવામાં આવ્યા હતા કે તેમાં કેટલું અનાજ ભર્યું છે તેનો હિસાબ રાખવો પણ મુશ્કેલ પડે.

રાજા ફારૂનને યોસેફ કહેતો, ‘‘આમ કરવું જ પડે. ભરપૂરીનાં સાત વર્ષ તો ચપટી વગાડતામાં જતાં રહેશે.’’



પોતાની ફરજ પરથી યોસેફ દરરોજ સાંજે ઘેર પાછો આવતો ત્યારે થાકી જતો. તે ઘરની અગાસી પર ચઢીને આથમતા સૂર્યને જોતો અને વિચારતો કે આ સૂર્ય જે દિશામાંથી ઊગે છે ત્યાં મારો દેશ છે. ત્યાં મારી માતાની કબર છે ત્યાં મારા ભાઈઓ વસે છે. બેન્જામીન શું કરતો હશે ?"

અચાનક આશનાથ આવીને તેના હાથને સ્પર્શતી. પોતાના પતિના હૃદયના વિચારો તે જાણતી હતી.

અચાનક એક વાદળી રંગનો દડો હવામાં ઊછળતો દેખાયો. તેની પાછળ જ બગીચામાંથી આનંદભર્યા અવાજો સંભળાયા, "પિતાજી, પિતાજી."

યોસેફે વાંકા વળીને જોયું તો પોતાના બે પુત્રોને જોયા. તેમણે હાથથી ઈશારો કરતા કર્યો. તે મનાશ્શેહ તથા એફ્રાઈમ હતા. તેઓ કહેતા હતા, "અમારી સાથે રમવા આવોને ?" યોસેફના ચહેરા પર હાસ્ય ખીલી ઊઠયું. તેણે કહ્યું, "હમણાં જ આવું છું." તેનો થાક અને દુ:ખ વિસરાઈ ગયાં.

યોસેફની ભવિષ્યવાણી સાચી પડી હતી. આઠમા વર્ષે વાદળ દેખાયાં જ નહિ, તો વરસાદ ક્યાંથી પડે ? સૂરજનો તાપ આકરો થતો જતો હતો. વિશાળ નાઈલ નદી એક ઝરણાં જેવી બની ગઈ. છોડવા સૂકાઈ ગયા, ખેતરો ઉજ્જડ થઈ ગયાં અને વૃક્ષો પાંદડાં વિનાના બોડાં થઈ ગયાં. ઘણાં કૂવા પણ સુકાઈ ગયાં. પાણીની મોટી અછત ઊભી થઈ.

એક પરદેશી યુવાનની વાત માનવાને કારણે ફારૂન ઘણો ભાગ્યશાળી ગણાતો. યોસેફે લોકોને ભૂખમરાથી બચાવી લીધા હતા. તેને કારણે તેઓ તેના આભારી હતા.

માત્ર મિસરમાં જ દુકાળ પડયો હતો એવું નહિ પણ પડોશી

દેશોમાં પણ દુકાળની અસર થઈ હતી ત્યાંના નિવાસીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

યાકોબના કોઠારો તથા ભંડારો ખાલી થઈ ગયા હતા. પશુઓને ખવડાવવાનું કશું જ ન હતું. તેમાંના મોટા ભાગનાં તો મારી નાંખવામાં આવ્યા હતા.

ભૂખમરાને કારણે યાકોબના દીકરાઓની કામ કરવાની ઇચ્છા મરી ગઈ. નોકરોના મુખમાં કોઈ ગીત ન હતાં. તેઓ આળસુ થઈને પડયા રહેતા હતા. યાકોબની ચિંતા વધતી ગઈ.

લાકડીના ટેકે યાકોબ ખેતરમાં ફરતો. તે ઘણો વૃદ્ધ થઈ ગયો હતો. તેના પૌત્રો તેની પાસે ખોરાક માંગતા. પણ તે ક્યાંથી આપી શકે ?

સાંજે તેણે બધા દીકરાઓને એકઠા કર્યા. તેણે બધાની સામે વારાફરતી નજર કરી, તેઓમાંથી એક ઓછો થયો હતો તે વાત યોકોબ કેમ ભૂલી શકે ?

તેણે કહ્યું, ''મહિનાઓથી આપણે વરસાદની રાહ જોઈએ છીએ. આપણા કોઠારો ખાલી થઈ ગયા છે અને આપણાં બાળકો ભિખારીની જેમ આપણી આગળ ટળવળે છે. આપણે કાંઈ કરવાની જરૂર છે. મેં સાંભળ્યું છે કે મિસરમાં હજી પણ અનાજ વેચાતું મળે છે માટે કાલે વહેલી પરોઢે તમે લોકો આપણાં સારાં ગધેડાં લઈને નીકળી પડો અને આપણે માટે અનાજ ખરીદી લાવો.''

તેના દીકરાઓએ તેમાં આદરપૂર્વક સંમતિ આપી.

''અને બેન્જામીન, તારે અહીં જ રહેવાનું છે. તારા ભાઈની જેમ તું પણ કશી દુર્ઘટનાનો ભોગ બને તેવું હું ચાહતો નથી.''

પિતાની વાત સાંભળીને તેમણે માથાં હલાવ્યાં. તેમને શરમ આવતી હતી.

અનાજના ભંડારોનો વહીવટ યોસેફ યોગ્ય અને ન્યાયી રીતે ચલાવતો. કોઈ ભૂખે મરતું ન હતું તો કોઈને જરૂર કરતાં વિશેષ પણ આપવામાં આવતું નહિ.

એક દિવસ નોકરે આવીને તેને કહ્યું, "માલિક, કનાન દેશમાંથી દસ માણસો અનાજ ખરીદવા માટે આવ્યા છે." તેની વાત સાંભળીને યોસેફને થયેલા આશ્ચર્યની તેણે નોંધ લીધી નહિ. યોસેફે હુકમ કર્યો, "તેઓને અંદર લઈ આવ એટલે તેમને શું જોઈએ છીએ તે હું જોઉં." તેના મનમાં થતું હતું કે "આ દસ માણસો શું તેના ભાઈઓ હશે ?"

જ્યારે તેણે તેમને જોયા ત્યારે યોસેફ માંડ માંડ પોતાની જાત પર કાબૂ રાખી શક્યો. તેણે પોતાના આસનના હાથાને જોરથી પકડી લીધા. તેની આંખો તમામના ચહેરા પર ફરતી રહી પણ તેમાં તેનો નાનો ભાઈ બેન્જામીન દેખાતો ન હતો.

તેણે પોતાના દુભાષિયા મારફતે તેમને પૂછ્યું, "તમે કોણ છો ? તમે ક્યાંથી આવો છો ?" તેમની સાથે સીધી વાત કરીને તે પોતે કોણ છે તે તેઓને જાણવા દેવા માંગતો ન હતો.

તેઓ બધા તેની આગળ નમી પડ્યા. તેમણે કહ્યું, "માલિક, અમે કનાન દેશમાંથી આવીએ છીએ. અમારાં માણસો અને પશુઓ ભૂખે મરે છે."

યોસેફે ગુસ્સાથી કહ્યું, "તમે જૂઠા છો !" પેલા તો કહેવા લાગ્યા, "માલિક, અમે તો અનાજ ખરીદવા આવ્યા છીએ."

યોસેફે કહ્યું, "તમારી વાત હું માનતો નથી. તમે લોકો તો જાસૂસ છો. તમારા રાજાએ અમારા પર ચઢાઈ કરવા માટે તમને બાતમી લેવા મોકલ્યા છે."

તે સાંભળીને તેના ભાઈઓ ખૂબ ગભરાઈ ગયા. તેમને થયું આ મિસરના અધિકારીના મનમાં આવી શંકા કેમ થઈ હશે ! રૂબેન તેમના વતી કહેવા લાગ્યો, "અમે તો એક જ માણસના દીકરા છીએ. અને બાર ભાઈઓ હતા. તેમાં સૌથી નાનાનું નામ બેન્જામીન છે. તે અમારા પિતા જોડે રહ્યો છે. વળી, અમારે બીજો પણ એક ભાઈ હતો જેનો પત્તો નથી."

"તમે ખરું કહો છો એની સાબિતી શી ?"

દુભાષિયાએ યોસેફને આટલો બધો ગુસ્સો કરતો આજ પહેલાં કદી જોયો ન હતો. તેણે આજ્ઞા કરી, "આ લોકોને જેલમાં પૂરી દો. તેઓ જૂઠ્ઠા છે અને જાસૂસો છે."

ત્રણ દિવસ પછી યોસેફે પોતાના ભાઈઓને પાછા પોતાની હજૂરમાં બોલાવ્યા. તેણે કહ્યું, "તમે તમારા વતનમાં પાછા જાઓ અને તમારા નાના ભાઈને સાથે લઈ આવો. ત્યાં સુધી તમારામાંથી એક જણે અહીં રોકાવું પડશે. તમારી વાતમાં કેટલું સાચું છે એ હું જાણવા માગું છું."

યોસેફે તેમની સામે જ તેમના ભાઈ શિમયોનને બાંધ્યો.

"યોસેફ પર દેખાયેલી દુષ્ટતાના બદલે આપણે માથે આ શિક્ષા આવી છે."

"આપણાં પાપની સજા ભોગવવાના દિવસો આવી ગયા છે."

તેમની આવી વાતચીતનો એકએક શબ્દ યોસેફ સમજી શકતો હતો પણ તેમની તરફ નજર પણ કર્યા વિના તે ખંડ છોડીને ચાલતો થયો.

તેની આંખમાં ધસી આવેલા આંસુ તેઓ જોઈ જાય તેવું તે ઇચ્છતો ન હતો.



સરહદની પાસે આવેલી એક ધર્મશાળામાં યોસેફના ભાઈઓ થોડો આરામ લેવા માટે થોભ્યા. સૂરજ બરાબર તપી રહ્યો હતો. તેઓ આખી રાત અને સવાર સુધી ચાલતા જ રહ્યા હતા.

તેઓ જોય તે પહેલાં યોસેફની આજ્ઞા પ્રમાણે નોકરોએ તેમના અનાજના કોથળા ભરી દીધા હતા. કારણ કે, તેમણે તેને માટે પૈસા ચૂકવી દીધા હતા. ભારે બોજ ખેંચીને તેમના ગધેડા પણ થાકી ગયા હતા.

રૂબેન ગધેડાઓને ધર્મશાળાના તબેલામાં હાંકી ગયો. ત્યાં તેણે તેમના પરનો બોજ ઊતારી લીધો અને પછી તેણે તે ગધેડાઓની પીઠ થાબડતાં કહ્યું, ‘‘આજે તમે બહુ જ કામ કર્યું છે. આવી લાંબી સફરમાં તમે ઘણા જ ઉપયોગી નીવડયા છો. તમને સુંદર ચારો આપવામાં આવશે.’’

એમ કહેતાં તેણે તો અનાજની બોરી ખોલી તેમાં અનાજની ઉપરના ભાગમાં શણની નાની કોથળી તેણે જોઈ. તેણે ઊંચકી તો તેમાંથી ખણખણાટ પણ સંભળાયો. તે તો સ્તબ્ધ થઈ ગયો. પૈસા ? હા તેમાં તો તેના પિતા યાકોબે આપેલા ચાંદીના સિક્કા હતા. તે તો ઝડપથી ધર્મશાળામાં પોતાના ભાઈઓ પાસે દોડી ગયો અને કહેવા લાગ્યો, ‘‘અરે, તમે બધા જલદી અહીં આવો.’’ તેણે ધ્રૂજતા અવાજે પોતાની વાત કહી. તેની વાત સાંભળીને બધા જ ભાઈઓ પોતપોતાની બોરીઓ તપાસવા લાગ્યા. તેમણે જોયું તો તેમણે અનાજને માટે જે નાણાં ચૂકવ્યાં હતાં તે બોરીઓમાં પાછાં મૂકેલાં હતાં. આશ્ચર્ય અને આઘાતથી તેઓ એકબીજા સામે તાકી રહ્યા.



તેમને જાસૂસ સમજીને જેલમાં પૂરવામાં આવ્યા હતા. મિસરમાં શિમયોનને બંદી અને બાન તરીકે રાખવામાં આવ્યો હતો અને હવે તેમના નાણાં પાછાં આવી ગયાં હતાં. ગમે તે રહસ્ય હોય પણ નાણાં તેમના હાથમાં હતાં. ઘણા ભયભીત થઈને તેઓ ધર્મશાળામાં પાછા આવ્યા.

"મિસરમાંથી તમે અનાજ લાવ્યા ? શિમયોન ક્યાં છે ?" યોકોબના સવાલોના જવાબમાં તેમણે શરૂઆતથી અંત સુધીની તમામ હકીકત તેને જણાવી.

પુત્રોની વાત સાંભળીને તેને ઘણી નવાઈ લાગી. તેઓ જે નાણાં પાછાં લાવ્યા હતાં તે તેણે તપાસી જોયાં. તેને તેમાં કશી જ સમજ પડતી ન હતી. તે વિચારતો હતો કે આ કેવો માણસ હશે જેણે તેની બુદ્ધિ વડે લોકોને ભૂખમરાથી બચાવી લીધા છે ? ફારૂન જેટલું જ માન પ્રાપ્ત કરનાર આ માણસ કેવો હશે ?

રૂબેને કહ્યું, "પિતાજી, અમારે જલદી મિસર પાછા ફરવાનું છે. અમારી સાથે તમારે બેન્જામીનને મોકલવો જ પડશે તો જ શિમઓનને છોડાવી શકાશે. જો આપણે તેમ નહિ કરીએ તો અમે એક જ પિતાના સંતાન અને ભાઈઓ છીએ એવું માનવાને બદલે તે અમને જાસૂસ જ માની લેશે."

બેન્જામીનનું નામ સાંભળતાં જ યાકોબનો અવાજ થરથરી ગયો. "મારો યોસેફ ગયો તે ગયો જ. પાછળ શિમયોન પણ ગયો. શું મારા બધા જ દીકરાઓને હું ખોઈ બેસીશ ?"

મિસરમાંથી ખરીદી લાવેલ અનાજ તો પૂરું થઈ ગયું. બાળકો રોટલાના ટુકડા માટે લડતાં હતાં. ભૂખના દુઃખને કારણે તેઓ ઝઘડાળુ અને માંદા જેવાં થઈ ગયાં હતાં.

રૂબેન યોકોબને કહેવા લાગ્યો, "પિતાજી, મારી વાત

માનો. અમને મિસરમાં જવા દો અમને. અમે આપેલા વચનનું પાલન કરવા દો."

"પણ તમારે હજી એક ભાઈ છે એવું ડહાપણ કરવાનું તમને કોણે કહ્યું હતું ?" યાકોબે ઘૂરકિયું કર્યું.

"પિતાજી, બેન્જામીનને જીવતો પાછો લાવવાનું હું વચન આપું છું તેને કશી પણ ઈજા થાય તો તેના બદલામાં મારાં સંતાન હું જામીન તરીકે આપું છું."

"શું આપણે શિમયોનને તેના નસીબ પર છોડી દેવો છે ?" યહૂદાએ પૂછ્યું.

યાકોબે કહ્યું, "શિમયોન બળિયો છે. તે તેનું ફોડી લેશે."

પણ યહૂદા માને તેમ ન હતું. તેણે કહ્યું, "મિસરમાં જે કાંઈ થયું તે જોતાં અમે બેન્જામીનને સાથે લીધા વગર મિસરમાં પાછા જઈ શકીએ નહિ. હું તેનો જામીન થાઉં છું. આપણે જવું જ જોઈએ."

યાકોબને તેમની વાત સાંભળીને નવાઈ લાગતી હતી. તેમનામાં એક પરિવર્તન આવ્યું હતું. તેમની વાતોની યોકોબ પર અસર થઈ. તેમનામાં આ પરિવર્તન દુઃખ અને સંકટોને કારણે આવ્યું હતું ? ઘણીવાર તેને લાગતું હતું કે તેઓ તેમનાં હૃદયોમાં કોઈ વાત છુપાવી રહ્યા છે.

છેવટે તેણે રજા આપતાં કહ્યું, "પ્રભુનું નામ લઈને તમે જજો."

"મિસરના માલિક માટે તમે ભેટો પણ લેતા જજો. આપણી પાસે હજી થોડા મસાલા, મધ તથા બદામપિસ્તાં છે. વળી, તેનું નાણું પણ લેતા જજો." યાકોબે સૂચના આપી.

બીજા ભાઈઓની સાથે બેન્જામીનને પણ વિદાય આપવાનું કામ યોકોબને માટે કપરું હતું.

“પિતાજી, હવે હું કાંઈ નાનો કીકલો નથી. તમે મારી ચિંતા કરતા નહિ.” જ્યારે બેન્જામીને યાકોબને આ પ્રમાણે કહ્યું ત્યારે તેને થયું કે અગાઉ પણ તેણે આ જ શબ્દો સાંભળ્યા હતા.

આંખોમાં આંસુ સાથે યાકોબ તેને વિદાય થતો જોઈ રહ્યો. પછી તે મનમાં જ પ્રાર્થના કરવા લાગ્યો, “પ્રભુ, તમે તેનું રક્ષણ કરજો. તે તો મારા ઘડપણનો વિસામો (દિલાસો) છે. મિસરનો પેલો માણસ તેના પર દયા દેખાડો. બેન્જામીનને સાજોસમો પાછો લાવજો.”

દરરોજ યોસેફની આતુરતા વધતી ગઈ. શું તેના ભાઈઓ પાછા આવશે ? તેઓ તેમની સાથે બેન્જામીનને લાવશે ખરા ? મારા પિતાને કાંઈ થયું હશે ? શું તે મરી ગયા હશે ? જ્યારથી તેણે પોતાના ભાઈઓને જોયા હતા ત્યારથી તેને પોતાના ઘરની યાદ વધારે સતાવતી હતી.

તેણે પોતાના પુત્રો મનાશ્શેહે તથા એફ્રાઈમને પોતાના બાળપણ વિષે વાતો કરી હતી. તેના પિતા યાકોબ કેવા હતા, કનાનમાં તેમનું ખેતર કેટલું વિશાળ હતું, તેમાં કેટલાં બધાં પશુઓ હતાં. તે બધું તેણે કહ્યું હતું. પોતાના ભાઈ બેન્જામીન, બહેન દીના તથા બીજા ભાઈઓ વિષે પણ જણાવ્યું હતું.

મિસરમાં આવીને યોસેફના ભાઈઓએ તેને સંદેશો મોકલીને તેમના આગમનની જાણ કરી. તેઓ ઘણા થાકી ગયા હતાં અને તેમનાં વસ્ત્રો તથા મોઢાં ધૂળભર્યાં થઈ ગયાં હતાં.

યોસેફે તેના નોકરને હુકમ કર્યો, “એ લોકોને અહીં બોલાવી લો. આજે હું તેમની સાથે જ ભોજન કરીશ. તેમને ડર રાખવાનું કશું કારણ નથી.”

ડરતાં ડરતાં તેના ભાઈઓએ યોસેફના ઘરમાં પગ મૂક્યો. તેઓ પોતાના વચનના પાલન માટે આવ્યા હતા અને વધારે અનાજ ખરીદવા પણ ચાહતા હતા. પણ અહીં તો તેમનો મોટા મહેમાનોની જેમ સત્કાર કરવામાં આવતો હતો.

શિમયોનને પણ તે ખંડમાં લાવવામાં આવ્યો. પણ તેની ખબર પૂછવામાં પણ ધીમે અવાજે વાતો કરી.

અચાનક દરવાજો ખૂલ્યો. સફેદ ઝભ્ભો પહેરી યોસેફે અંદર પ્રવેશ કર્યો. બધા ઘૂંટણે પડી ગયા.

યોસેફે ઘણા પ્રેમથી તેમને બેસવાનું કહ્યું. તેની આંખો તો બેન્જામીનને શોધી રહી હતી. તે તેમની સાથે દુભાખિયા મારફતે વાત કરતો હતો.

"શું આ બેન્જામીન છે ? તે તમારો ભાઈ છે ?"

"હાજી, તે જ બેન્જામીન છે. અમે શિમયોનને છોડાવવા અને તમારાં નાણાં પરત કરવા આવ્યા છીએ.

"તમારા પિતાને કેમ છે ? શું તે હજી જીવે છે ?"

તેમણે માથાં હલાવતાં કહ્યું, "તે ઘણા ઘરડા છે, તો પણ તંદુરસ્ત છે."

બેન્જામીન તો આવા મોટા માણસને અવાક થઈને જોઈ જ રહ્યો હતો. તે યોસેફના ધ્યાનમાં હતું. યોસેફ વિચારતો હતો કે બેન્જામીનની આંખો તેની માતાની આંખો જેવી જ સુંદર હતી. તેણે બેન્જામીનના માથે હાથ મૂકી કહ્યું, "પ્રભુ, તારું ભલું કરો."

અને પછી એકદમ જ તે ઊભો થઈ ખંડમાંથી બહાર



નીકળી ગયો. તે જોઈને તેના ભાઈઓ ભયથી એકદમ શાંત થઈ ગયા. તેઓ મનોમન ધ્રૂજી ઊઠ્યા હતા.

બેન્જામીનને જોઈને યોસેફનું હૃદય ભરાઈ આવ્યું હતું. તે રડી પડ્યો, તો પણ તેના ભાઈઓ તેમના ક્રૂરતાભર્યા કાર્યનો પસ્તાવો કરે છે એવી તેને ખાતરી ન થાય ત્યાં સુધી તે તેમની સમક્ષ પોતાને પ્રગટ કરવા માગતો ન હતો. રડવાને કારણે લાલ થયેલ આંખો તેણે પાણીથી ધોઈ નાંખી. થોડીવાર પછી ફરીથી તે તેમની સમક્ષ ગયો.

તે વખતે ભોજન પીરસાઈ રહ્યું હતું. તેઓ ટેબલ પર તેની ઉંમરના ક્રમ પ્રમાણે બેઠા હતા. યોસેફની જમણી તરફ રૂબેન બેઠો હતો અને તેની ડાબી તરફ બેન્જામીન હતો. તેઓને નવાઈ લાગી હતી તે જોઈને તે મનમાં હસી રહ્યો હતો.

આવું સુંદર ભોજન તેમને ઘણાં લાંબા સમયથી મળ્યું ન હતું. શરાબ પીને તેઓ રંગમાં આવી ગયા. યોસેફ તેમને તેમનાં ઘર, ખેતર, પિતા અને નોકરો વિષે પ્રશ્નો પૂછ્યા કરતો.

મિસરનો હાકેમ તેમના વિષે આટલી બધી માહિતી માંગતો હતો તે તેમને માટે નવાઈની વાત હતી. યોસેફે ધ્યાનથી તેની માતૃભાષામાં થતી વાતચીત સાંભળી રહ્યો હતો. તે તેને ઘણી મીઠી લાગતી હતી.

તેના ટેબલ પર મધ, બદામ, પિસ્તાં, ગરમ મસાલા વગેરે ભેટ તરીકે પડયાં હતાં. ફારૂનના તમામ સોના કરતાં યોસેફને મન તેનું મૂલ્ય વધારે હતું.

બેન્જામીન હવે શરમાતો ન હતો. યોસેફના પ્રશ્નોના તે આનંદથી ઉત્તર આપતો હતો. તેને એમ લાગતું હતું જાણે તે આ માણસને ઘણા વખત પહેલાં ઓળખતો ન હોય !

યોસેફ તેને ખાવા માટે આગ્રહ કરતો હતો. સારી સારી વાનગીઓ તે બેન્જામીનની પ્લેટમાં મૂકી દેતો. વળી, પોતાના સોનાના કપમાંથી તેણે બેન્જામીનને પીવા પણ દીધું.

ભોજન પછી બધા ભાઈઓ આનંદપૂર્વક ઘર તરફ નીકળવા લાગ્યા. તેઓ શાંતિથી પિતા પાસે જઈ શકતા હતા. બેન્જામીન સહિસલામત હતો અને શિમયોન પણ તેમની સાથે હતો.

ગધેડાઓ પર અનાજના કોથળા ભરેલા હતા અને તેઓ સરળતાથી ભાર ખેંચી રહ્યા હતા. શહેર પાછળ રહી ગયું હતું. બેન્જામીન વળીવળીને પાછળ નજર કરી લેતો હતો. દૂર દૂર દેખાતી ઈમારતોના ઘુમ્મટો, મિનારા ઘણા સુંદર લાગતા હતા. ત્યાં તેણે કેવી અદ્ભુત વાતો જોઈ હતી ! તેને તો ખૂબ મઝા પડી હતી.

અચાનક તેણે જોયું તો થોડા ઘોડેસ્વારો ઘસમસતા આવતા હતા. તેઓ ઘણી ઝડપથી નજીક આવી ગયા હતા. કોણ હશે ? બેન્જામીને તરત જ ભાઈઓને ખબર આપી.

એક જણે કહ્યું, ''તે કોઈ કાફલો નથી. વેપારી તો લાગતા નથી. તેઓ ઝડપથી આપણી તરફ આવી રહ્યા છે.''

''અરે, એ તો કાળા ઘોડા પર બેઠેલા સૈનિકો છે. તેમની ઝડપને કારણે ધૂળની તો ડમરીઓ ઊડી રહી છે.''

''હા, હવે તેમનાં બખ્તરો જોઈ શકાય છે. આથમતા સૂરજના અજવાળામાં તેમના ટોપા સોનાની જેમ ચમકે છે.''

બધા જ ઊભા રહી ગયા.

તેમને જોતાં જ આગળના ઘોડેસ્વારે બૂમ પાડી, ''પેલા રહ્યા એ લોકો.'' અચાનક લગામ ખેંચાવાને કારણે ઘોડા તો પાછલા પગે ઊભા થઈ ગયા. તેમની ખરીઓ દ્વારા ધૂળ ઊડવા માંડી.





હકબક થઈ ગયેલા ભાઈઓને મિસરી સૈનિકોએ ઘેરી લીધા. યોસેફનો કારભારી પણ તેમની સાથે હતો.

"ગધેડાઓ" તેણે ઘાંટો પાડી પૂછ્યું, "તમારામાંથી કોણે મારા માલિકનો સોનાનો પ્યાલો ચોર્યો છે ?

બધા જ ભાઈઓ ભયથી તેની સામે જોઈ રહ્યા.

"તે મહાન માણસને અમારા માટે આવો વિચાર કેમ આવ્યો હશે ? અમારા કોથળામાં આવી ગયેલા નાણાં પણ અમે તો તેને પાછાં આપ્યાં છે. અમારા બધાની તમે તલાશી લો. જેની પાસેથી તે મળે તેને મરણદંડ ફરમાવજો અને અમે બધા તમારા ગુલામ થઈ જઈશું."

"બધાના કોથળા ખોલી નાંખો", સૈનિકોનો હુકમ થયો. બધા જ ભાઈઓ એક બાજુ ઊભા રહી ગયા. એક પછી એક કોથળા ખોલવામાં આવ્યાં.

એક સૈનિકે અચાનક બૂમ પાડી, "આ રહ્યો !" તેના હાથમાં સોનાનો પ્યાલો ચમકતો હતો.

કારભારીએ પૂછ્યું, "આ કોનો પ્યાલો છે ?"

બધા ભાઈઓનાં મોં પડી ગયાં. સૈનિકોએ એ સોનાનો કપ બેન્જામીનના કોથળામાંથી શોધી કાઢ્યો હતો. દુ:ખને કારણે તેઓ રડવા લાગ્યા અને પોતાનાં વસ્ત્રો ફાડવા લાગ્યા. બેન્જામીન તરફ આંગળી ચીંધીને કારભારીએ હુકમ છોડ્યો, "પકડી લો એને !" તેની સાથે જ દુ:ખી મને ભાઈઓ પણ શહેરમાં પાછા આવ્યા.

સવાર થતાંમાં તો આખું સરઘસ યોસેફના મહેલ પાસે આવવા લાગ્યું. દૂરથી યોસેફ તેમને આવતાં જોઈ રહ્યો. પોતાના

ભાઈઓનું સ્વાગત તેણે આ પ્રમાણે કર્યું, "મારી ભલાઈનો તમે આવો બદલો વાળ્યો ? મારો પ્યાલો તમે શા માટે ચોરી લીધો ?"

"માલિક, અમે તમને શું કહીએ ? શું બન્યું તેની અમને તો કશી ખબર પડતી નથી. આ તો મોટી નવાઈની વાત છે. અમારી નિર્દોષતા અમે કેવી રીતે સાબિત કરીએ ? અમે બધા જ તમારા ગુલામ થઈશું."

યોસેફ ફરી એકવાર પોતાના ભાઈઓની પરીક્ષા લેવા માગતો હતો. બેન્જામીનના કોથળામાં પ્યાલો સંતાડવાનો હુકમ તેણે જ આપ્યો હતો.

તેણે કહ્યું, "ફીકર નહિ, તમે તમારા ઘેર પાછા જાઓ. તમને કશી શિક્ષા કરવામાં નહિ આવે. જેણે ચોરી કરી છે તેને જ હું પકડીશ. તેના અપરાધની સજા તમારે શા માટે ભોગવવી પડે ?"

યહૂદાએ શાંત પણ દઢ અવાજે કહ્યું, "અમે બેન્જામીનને લીધા વિના ઘેર જઈ શકીએ નહિ. તમે જ તેને અહીં લાવવાનું કહ્યું ન હતું ? અમે તમારી આજ્ઞા માનીને તેને અહીં લાવ્યા છીએ. અમારા પિતા ઘણા વૃદ્ધ છે. અમારો ભાઈ યોસેફ ગૂમ થઈ ગયો તેનું દુઃખ તો તેમને ઓછું થયું જ નથી. તેમાં અમારો વાંક હતો. યોસેફની સાથે અમે જ ગેરવર્તાવ કર્યો હતો. હવે બેન્જામીન અમારા પિતાના વૃદ્ધ જીવનનો સહારો છે. જો અમે તેને લીધા વિના ઘેર જઈએ તો તે તો મરી જ જશે. તેને બદલે અમને પણ જેલમાં જ પૂરી દો."

બધા જ ભાઈઓ પોતાને તાકી રહ્યા છે તેને યોસેફને ખબર હતી. તેમની આંખોમાં સવાલ લખેલો હતો. શું તમે



અમારી વાત માનશો ? શું તમે યહૂદાની વિનંતી માનશો ?

યોસેફ સમજી ગયો કે હવે તેના ભાઈઓમાં પરિવર્તન આવ્યું છે. તે પોતાના આંસુ રોકી શક્યો નહિ. હવે તે આ બધી ઝંઝટનો અંત લાવવા માંગતો હતો.

તેણે પોતાના નોકરોને કહ્યું, ''તમે બધા બહાર જતા રહો. મારે આ લોકો સાથે વાત કરવી છે.''

દુભાષિયો બહાર જતાં અચકાવા લાગ્યો. તે યોસેફની સામે જોતો હતો. યોસેફે તેને કહ્યું, ''તું પણ જા, મારે તારી જરૂર નથી.''

ખંડમાં શાંતિ છવાઈ ગઈ. તેના ભાઈઓના શ્વાસ અદ્ધર થઈ ગયા. પછી એ શાંતિને ચીરતા શબ્દો સંભળાયા.

''હું યોસેફ છું.''

માત્ર બેન્જામીન ખુશીથી ઊછળી પડ્યો.

''યોસેફ ! યોસેફ ! મારા ભાઈ !'' કહેતાં તે તો યોસેફના ગળે વળગી પડ્યો.

યોસેફે જોયું તો તેના ભાઈઓ હજી પણ ભયભીત હતા. તેમને આઘાત લાગ્યો હતો અને તેઓ મૂંગા બની ગયા હતા. યોસેફે કહ્યું.

''મને ઓળખ્યો ? તમે શા માટે મને ભેટતા નથી ? મેં તો તમને ક્યારનીય માફી આપી દીધી છે.''

''યોસેફના ભાઈઓ આવ્યા છે અને તેમની સાથે તેણે સમાધાન કર્યું છે'' આ સમાચાર નગરમાં આગની જેમ પ્રસરી ગયા.



રાજા ફારૂનને ઘણો આનંદ થયો. આ દેશના તારણહારને ભૂમિ તથા ધન સિવાય પણ કાંઈ આપી શકાશે. દુકાળ હજી બીજા પાંચ વર્ષ ચાલવાનો હતો પણ મિસરમાં કશી મુશ્કેલી પડવાની ન હતી.

ફારૂને યોસેફને પોતાની પાસે બોલાવ્યો. હવે તો તેઓ મિત્ર બની ગયા હતા. ફારૂને કહ્યું, "યોસેફ, તારા ભાઈઓને કહે કે તેઓ માત્ર તારા પિતાને જ નહિ પણ તમામ પરિવારોને લઈને અહીં આવે અને તે પણ થોડા સમય માટે નહિ, હું તેમને સૌથી વધુ ફળદ્રુપ ગોશેન પ્રદેશ તેમને રહેવા માટે આપીશ. જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી તેમનું રક્ષણ કરવાની હું ખાતરી આપું છું.

ફારૂનની આ વાતનો યોસેફે આભાર સહિત સ્વીકાર કર્યો.

યાકોબ શું કહેશે ?

હવે પોતાના ઘેર ગધેડા પર બેસીને જવાને બદલે યોસેફના ભાઈઓ રાજાની ઘોડામાંથી પ્રાપ્ત કરેલા મજબૂત ઘોડાથી જોડેલાં રથોમાં બેસીને ઊપડયા. મિસરમાંનો સૌથી ઉત્તમ રથ યોસેફના પિતાને લેવા માટે મોકલવામાં આવ્યો. તેને કહેવામાં આવ્યું, "યોસેફ જીવે છે !"

"શું એ બની શકે ખરું ?" યાકોબ વારંવાર આ પ્રશ્ન પૂછ્વા લાગ્યો.

તે પોતાના દીકરાઓની વાત માની શકતો ન હતો. બેન્જામીને તેને કહ્યું, "પિતાજી, તમે બહાર આવીને રથો પર તો નજર કરો." યોસેફે આપેલી ભેટો તે ગર્વથી પિતાના બતાવવા લાગ્યો. તેમાં ૩૦૦ ચાંદીના સિક્કા હતા. સુંદર વસ્ત્રોની પાંચ





જોડી હતી. આખા પરિવારને માટે ઘઉં અને અન્ય ખાદ્ય પદાર્થો હતા.

પોતાના સૌથી નાના દીકરાનો ઉત્સાહ જોઈને યાકોબ મલકી ઊઠ્યો. રથો, વસ્ત્રો અને નાણાંનું તેને કશું મૂલ્ય ન હતું. તે ૧૩૦ વર્ષનો થયો હતો. તેના વાળ સફેદ થઈ ગયા હતા અને કમર વાંકી વળી ગઈ હતી. તેનું મન થાકી ગયું હતું અને આંખો લગભગ ગઈ હતી. તેને ખબર હતી હવે તેનું મૃત્યુ નજીક આવી ગયું હતું. યોસેફે તેને જે કાંઈ કહ્યું હતું તે યોકોબને સમજાવવા માટે બેન્જામીનને બહુ જોરથી અને વારંવાર કહેવું પડતું હતું. તેની વાતથી તેને જાણે નવું બળ મળ્યું.

"હું મિસરમાં જઈને મારા દીકરાને જોઈશ."

યાકોબે પોતાનું બધું લઈને મિસર ગયો. તેનો કાફલો ઘણો મોટો હતો. ઘોડા તથા રથોની પાછળ બોજથી ભરેલાં ગધેડાં અને પશુઓ સાથે ભરવાડો પણ હતા. સરહદ પર આવીને યાકોબે બધાને થોભવાનો આદેશ આપ્યો. તે દુઃખી મને પાછળ રહી ગયેલી ભૂમિને નીરખવા લાગ્યો. તે વિચારતો હતો : પોતાનું ઘર અને ભૂમિ છોડવાનું પગલું યોગ્ય હતું ?

પરદેશી ભૂમિ પર પગ માંડતા પહેલાં તેણે પોતાના પ્રભુને બલિ ચઢાવ્યો.

યોસેફને જોવાની તેની સૌથી મહાન ઇચ્છા પરિપૂર્ણ થવાની તૈયારી હતી. શું તે પૂરી થશે ?

રાત્રિ દરમ્યાન યાકોબને તેનું નામ સંભળાયું.

"યાકોબ ! યાકોબ !"

"હું આ રહ્યો."



"મિસરમાં જવા માટે ડરતો નહિ. યોસેફ જીવતો છે અને તે તારા મરણ સુધી તારી સાથે રહેશે. હું પણ તારી સાથે તથા તારા પરિવાર સાથે રહીશ. તું જ્યાં જઈશ ત્યાં હું આવીશ. હું તારામાંથી એક મોટી પ્રજા બનાવીશ."

એ તો પ્રભુની વાણી હતી. યાકોબનો ડર દૂર થઈ ગયો.

યોસેફ પોતાના પિતાને મળવા અધીરો બન્યો હતો. આશનાથ તથા બાળકો પણ ખુશ હતાં.

યોસેફ વિચારતો હતો કે રસ્તામાં જો તેમને કશું ન થાય તો હું તેમને જોઈ શકીશ.

દૂર દૂર ક્ષિતિજમાં તેણે કાફલાને આવતો જોયો. તેણે પોતાના રથો તૈયાર કરવાનો આદેશ આપ્યો.

પોતાના પિતાની સાથે જ હંકારી રહેલા બેન્જામીને પોતાની આંખો પર હાથ મૂકી દૂર દૂર જોતાં બૂમ પાડી. "કોઈ આપણા તરફ આવી રહ્યું છે. તે ઘણી ઉતાવળમાં લાગે છે."

યાકોબ પોતાના રથમાં ઊભો થઈ ગયો. તેનો કરચલીઓ-વાળો ચહેરો ચમકી ઊઠ્યો.

તે બોલી ઊઠ્યો, "મારી આંખો નબળી છે પણ મારું હૃદય મજબૂત છે. તે યોસેફ જ છે !"

તેણે પોતાના દીકરાને ભેટવા માટે હાથ પહોળા કર્યા.

6BGS2